જ્ઞાન ગાડી.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર.

કવી વ્રજલાલ રણછોડજી બ્રહ્મભટ.

મુ૦ વીજાપુર- ગાયકવાડ

દુહો

અંકુશ સંઘે મિત્ર લઘુ, ગજમદ અહંકાર ટાળ,
અસ અજ્ઞાન ડર પંથ ચોક, મનગજ હુંજિયકર આળ.

અમદાવાદ

ખાનફીરને નાકે ઘાંચીની વાડીમા

"એંગ્લો વર્નાક્યુલર પ્રિંટીંગ પ્રેસ"માં

નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી.

સંવત ૧૯૬૩ સન ૧૯૦૭

કીંમત ૦—૮—૦ આઠ આના.

અર્પણ પત્રિકા.

જ્યારથી તખ્ત ઉપર બીરાજમાન થયા તે દીવસથી પર દુઃખ ભાગવાની એટલે ગરીબની સહાયતા કરવા અહોનીશ દયાની ઉદારતા જેના મનમાં વસેલી છે કંઈક પ્રાણીનું કલ્યાણ એટલે ભલું કર્યું છે. અને ભલું કરે છે. તેમ ભલું કરતા અવીચળ રહો, પ્રજાનું નેક ન્યાયથી પાલન કરી કોઇનો હક્ક બગાડતા નથી. કોવીદ કુલકંજના સુખકારી કરમાલી જેવા અને આશા કરી આવે તેને આશ્રય આપી આનંદ આપનાર તે પર્મ પ્રતાપી ગોહેલ વંશાવતન્સ નેકનામદાર મહારાજા ભાવપુરીશ ભાવસંગજી સાહેબજીને આ લઘુ પુસ્તક જ્ઞાનગાડી નામનું અને તેમાં આનંદ દેનાર ધીરા પદનો રાગ કાફી વિગેરે અર્પણ કરૂંછું તે આદ્યાંત વાંચવાથી આ ભવ પરભવ સુધરવાની સમજણ છે. અને મહારાજા સાહેબને મારી મતી માફક કવિત અર્પણ કરૂંછું તે નીચે મુજબ.

વ્રજ ભાષામાં કવિતા.

લોલુપ લબારી દંભી ઉલુક લુકાંને સબ,
વંદીજન વંસ વ્રંદ વનજ વીકાસભો. ૧

સુમવારી સોષનભો કષ્ટ પાપી કેરવહુ઼ં,
ચોર ચવી વૈરી ધ્વાંત બલકો બીનાસભો. ૨
કહે વ્રજલાલ કોક આશ્રિત અસોક ભયે,
પુન્ય પ્રોઢ તેજકો પ્રકાસ ચહુ઼ં પાસભો. ૩
તખ્ત ભ્રપ નંદ ભાવનગ્ર જે ઉદીતગીર,
જબહી ભુપાલ ભાવ ભાનુકો પ્રકાસભો. ૪

દાહરા.

લિયો ભાવ નૃપ લોકમેં, ઓપત સુજહ અથાહ;
તપો ભાવપુર તખ્તપેં, પેરમકો પતસાહ.

આ બનાવી પ્રસીદ્ધ કરનાર કવીરાજ ગીરધર જેષ્ટ ભ્રાતા ઽનુજ કવી. વ્રજલાલ રણછોડજી વીજાપુરવાળા બ્રહ્મભટ ગામક વાડ ઇલાકે કડી પ્રાંત

જ્ઞાન ગાડી.

જાય છે જાય છે જાય છેરે, જુઓ રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક) ૧

ટીકીટ જ્યાં સુધી બેસાડે તેમાં, ત્યાર પછે ઉતરાયછેરે. જુવો. ૧
ખુબીદાર માલ નથી ખવાતો, ખરચીવાળાથી ખવાય છેરે જુવો ૨
બ્રાહ્મણને વણી લંગી બેગાં, કલાસ નંબર કહેવાય છેરે.જુવો.૩
બ્રજલાલ પાવક પાણી થૈ રેવાથી, પાછું તેમાં પુરાયછેરે.
જુવો રેલ ગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુઓ રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક) ૨.

જુઓ નોકર જેના જમદુત્ત જેવા પ્રપંચ પ્રાણી પકડાયછેરે.૧
મોબત કોઇની આવે ના મજરે,વિત્તવાળાથી બેસાયછેરે;જુ. ૨
ધ્યાન પાવાને વાગે છે ઘંટો, ગયો ભુલી તે ગભરાય છેરે. જુ.૩
બ્રજલાલ તેથી વેહુ વિચારી, લીધાથી સુખ લેવાય છેરે.
જુઓ રેલ ગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે, જુઓ રેલ ગાડી ચાલી જાયછે.

(ટેક). ૩

ભાત ભાતના ડબા છે ભારે, જરૂખા કેવા જણાય છેરે; ૧
માસ્તર ઉપરની કેવી મજબુતી, જરાથી આઘુ ના જવાયછેરે. ૨
તેલનું તેજ છે જ્યાં સુધી તેમાં, ત્યાંસુધી તેથી તાણાયછેરે, ૩
બ્રજલાલ વધુ કેવું વિચારો, આવરદા સુધી હલાયછેરે.
જુવો રેલ ગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુઓ રેલગાડી ચાલી જાયછે.

(ટેક) ૪

મોકલનારાં વળી પોકારતાં પાછાં, સીસાવ્યે ના સંભળાયછેરે: ૧
કામ અધુરૂં કાંઈ ભુલી ગયા કેડી જેમ પાછું ના જવાયછેરે. ૨
જુદાં જુદાં જુવો જડાં ત્યાં જાય છે, ઠાડનો મેળો થાયછેરે. ૩
બ્રજલાલ તેથી એવું વિચારી, ધણી ચરણામાં ધાયછેરે; ૪
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુઓ રેલગાડી ચાલી જાય છે.

(ટેક.)

કરમ ભાડું ચુકાવ્યા કેડી, શુભેની ટીકટ જાય છેરે, જુવો. ૧
ટીકટ તપાસી લે ત્યારે કપાશે, આયુષ તેવું કપાય છેરે, જુવો ૨
જઠરા મુસાફરખાનામાં જેવા, પ્રાણી અફંદામાં પુરાયછેરે, જુવો ૩
બ્રજલાલ હુકમ વિના જવાય નાં, દ્વારપર ચાવી દેવાયછેરે;
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાયછે રે જુઓ રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૮

શાયછે ટેમ ત્યાં સુધી ઠરેછે, ચાય જેવા મુઝાયછેરે; જુવો. ૧
વાયુના વેગે સ્ટેશન બીજે, ધુંવા નીકાલતી ધાયછેરે. જુવો. ૨
જેનાં જંકશન જુદાં જુદાં છે, જુદુ જુદુ ત્યાં જવાયછેરે; જુવો. ૩
વ્રજલાલ વધુ હેતું વિચારો, ભેગાં ખાલી થૈ ભરાયછેરે; જુવો. ૪

જાય છે જાય છે જાયછે રે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૯

મુસાફરખાનાની વીસીમાં, રસોઇ કરાવી રંધાયછે રે; જુવો. ૧
ઘંટ વાગ્યાથી દોડી ગયા છે, ખાવાનું બીજા ખાયછેરે જુવો. ૨
શ્વાસ ઉપર તે શ્વાસ સાધીને, પુંઠે રહ્યા પસ્તાયછેરે; જુવો. ૩
વ્રજલાલ હેવું હૈયે વિચારી, રેલગાડી તે ખાલી થાયછેરે
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાયછે રે, જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૦

કીરતાર તાર ભેદ જાણેજ કોઇ, જાણનારાથી જણાયછેરે, જુવો. ૧
હુકમથી વધારે માલ જો હોય તો, તોલ ખરાથી તોલાયછેરે; જુવો. ૨
ચુકાવતાં નહી ચાલે ચાલાકી, ખોટા ખોટા માર ખાયછેરે, જુવો. ૩
વ્રજલાલ જોઇ જોઇ સહુ વખાણે, કયાંથી આવજાવનાંકેલાયછેરે.
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાયછે રે, જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૧

ઘડી જેના વિના નતું સોગલતું, રોઇ પછે રોવાયછેરે, જુવો. ૧
પેશાબ કરી કરે પોતીયું પાવન, મુલદ્વારથી મુઝાયછેરે; જુવો. ૨
પાણી દેખ્યાથી પીવા જાય પ્યાલા, [illegible] પાણી પીવાયછે, જુવો. ૩
હૈયામાં વ્રજલાલ હેતું વિચારો, ઠીક [illegible]દોબસ્ત થાયછેરે.
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાયછે રે, જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૨

કેદી બેસી ગયો ફસ્ટક્લાસમાં, પોલીસથી પકડાયછેરે, જુવો. ૧
ટીકટ લીધા વિના બેઠાછો તમે, થર્ડક્લાસ રજા થાયછેરે; જુવો. ૨
આગળ જવાનો રાખે ઇરાદો, જર વિના આગે ઝલાયછેરે, જુવો. ૩
વ્રજલાલ હૈયે હેતું વિચારો, રંકને ચાવ ભલે રાયછેરે.
જુવો જુવાની ચાલી જાય છે.

જાય છે જાય છે જાયછે રે, જુવો જુવાની ચાલી જાય છે.

(ટેક) ૧૩

ખાવાં હોય તો ફલાંને ખરીદો, મીઠાશ ઘણી જે માંયછેરે, જુવો. ૧
સાચવી કરવું જતન શરીરનું, જોખમ ઘણું જણાયછેરે; જુવો. ૨
ભુલશો તો ભોંય પડશો લટકી કૈંક જણા કચરાયછેરે, જુવો. ૩
વ્રજલાલ જપતે ચડવું વિચારી, ઘણું લોક ગભરાયછેરે.
જુવો રેલગાડી ચાલી જાયછે.

જાય છે જાય છે જાયછે રે, જુઓ રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૪

જાયછે ઉતાવળી જુલમ જોરમાં, ખુબ ઝપટનાં ખમાયછેરે; જુવો.૧
ટેમ ચુકનાર તેપર નથી તેના, એમ ટેમ ઉપર અવાયછેરે. જુવો.૨
તે પણ નજરે તપાસો તમે, જેમ આવે તેમ જવાયછેરે; જુવો.૩
બ્રજલાલ જોઇ રહે સર્વે વિચારી, જોતાં જાતાં ના જણાયછેરે
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે, જુઓ રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૫

સોદો કરવા આયો લે તું સંભારી, સુંઘું મુઘું સંભળાયછેરે; જુવો.૧
લોભ કરીશ નહિ વસ્તુ લેવામાં, લોભથી જીવ લલચાયછેરે. જુવો.૨
સોદો લેવામાં જે છેતરાણા, ઠાલા પછે પસ્તાયછેરે; જુવો.૩
બ્રજલાલ મુસાફરો વેપારી, લાભ ધન્ય જેથી લેવાયછેરે.
જુઓ રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૬

ધરમ ધજાઓ દેખાવ ધારી, દુરથી જોને દેખાય છેરે; જુવો.૧
ચઢવું તેપર ચીત્ત રાખી ચંચલ, ચતુરથી ચઢાયછેરે. જુવો.૨
માલ લીધેલો પ્રથમ મુકી, ગાફલ તે ગભરાયછેરે; જુવો.૩
જરા બ્રજલાલ માલ ન જવાનો, ઉતરીશું ત્યાં અપાયછેરે.
જુઓ રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે, જુવો રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૭

ધરમરાજ છે તે ધરધણી, લાંચ ત્યાં નહિ લેવાયછેરે; જુવો.૧
સમુથાંને સાહેબની શંકા, ચુકેતે ડામીશ થાયછેરે. જુવો.૨
અદલ ચાલવું કાયદાથી એને, શાહુ બ્રજલાલ સહાયછેરે.જુવો.૩
ચોરનું ત્યાં કાંય નથી ચાલતું, જેલખાને ઝંપલાયછેરે;
જુઓ રેલ ગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે, જુઓ રેલ ગાડી ચાલી જાયછે.

(ટેક) ૧૯

ચુક હસાબમાં કાંઇ નથી ચાલતો,લોક જંતુનો લેવાયછેરે;જુવો.૧
વાઘ બકરી જુવો પણ બન્ને, પાણી એક ઠાર પીવાયછેરે.જુવો.૨
બ્રજલાલ હુંશિયાર રેજો વિચારી, ભુલમાં ખાલી ભમાયછેરે
જુવો રેલ ગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૯

નરનારી ઉભા નિરખો નોખા, કેવા જુદા તે કલાયછેરે; જુવો.૧
પોતપોતાના થલપર પાયક, જુદા બેસી જવાય છેરે. જુવો.૨
જુગત કરોને આને ઓનામાં જુર ભારથી પછડાયછેરે. જુવો.૩
બ્રજલાલ અંજીર એશું વખાણું, જોયે અનાંખુ જનાયછેરે;
જુવો રેલ ગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે, જુવો રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક) ૨૦

પરિવાર સંગ હશે પોતાનાં, ડબ્બે ચડવું દુઃખદાયકછેરે;જુવો.૧
ચુકી ન જાઉં તેવી કરેછે ચલાખી, કેવી હુંશિયારી કહેવાયછેરે.જુ. ૨
તારો બંદોબસ્ત શું ચાલે તેમાં, ભુપાંથી ત્યાં ભુલાયછેરેજુવો.૩
વ્રજલાલ જોગ યા વસ્તુ વીસારી, થુલ સ્ટેશન ચિંતા થાયછેરે
જુવો રેલગાડી ચાલી જાય છે. ૪

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૨૧

બાત ભાત થાય ડબ્બામાં ભેગા, સારાં ખોટાં સમુદાય છે રે જુવો.૧
સમાગમ તે થોડાજ સારૂ, દુષ્ટ તે સૌને દુભાય છેરે. જુઓ.૨
થુલ સ્ટેશનથી ઉતરી ઠાલો, પ્રાણી પુરો પરતાય છેરે. જુવો. ૩
માટે સમજો વ્રજલાલ મનમાં, વીચાર તે વખણાય છેરે.
જુવો રેલ ગાડી ચાલી જાય છે. ૪

જાય છે જાય છે જાય છેરે જુઓ રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક.) ૨૨

રંકને ચાય તો હોય જો રાજા, સ્ટેશનનો ટેમ થાય છેરે.જુવો ૧
હરકોઇ વાલાં હોય જે હેતુ, એને મુકી ઉતરાય છેરે. જુવો.૨
પરસપર પોત પોતાને પાછાં, કેવાં વચન કહેવાય છેરે. જુવો.૩
વ્રજલાલ થાય છે જુદાં બંનેનાં, મન ઘણું તે મુઝાય છેરે.
જુવો રેલ ગાડી ચાલી જાય છે. ૪

જાય છે જાય છે જાય છેરે જુવો રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક.) ૨૩

લાવ્યો વેપાર તેનો લાભ તું લૈલે, લોભમાં શું લલચાયછેરે જુવો.૧
વિચાર સ્ટેશન આવી જાય વેહુ, દનદન ભાવ દબાયછેરે જુવો.૨
બાધ આવ્યાથી લાગ્યો ખોટું, મારૂ કીધુ મનાયછેરે જુવો.૩
પ્રજલાલદાસની પ્રેમની વીનતી, જગદીશ કૃપા જણાયછેરે,જુવો.૪
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૨૪

સ્ટેસન મુકતાં ઠાકોર સ્ટેસન, શુલના ભેગું થવાયછેરે જુવો.૧
હેલુગાડીપર ધર્મના દુત્ત છે, ગ્યાડ તેમ ગણાયછેરે જુવો. ૨
ગયાં તે ઉતરી તપાસ ગણી, લેખ ટીકટ લેવાયછેરે જુવો. ૩
માસ્તર મનની મુરજી માગી સલામી પરસપર થાયછેરે જુવો.૪
જુવો રેલ ગાડી ચાલી જાયછે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૨૫

વિચાર પહેલું તો ના આવે વાંધો, જેથી નીચં તા જવાયછેરે જુવો.૧
પાણી પીધા પછે ઘર જો પૂછે, મુરખ સાચો મનાયછેરે જુવો.૨
ત્રાતા ગુરૂ ધ્યાન પુંજી પ્રતાપે, જમ પોલીસ જીતાયછેરે જુવો.૩
પ્રજલાલ વખતનાં ચુકવાની, ઇશ્વર ન્યાય છે જણાયછેરે જુવો.૪

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૨૬

પવન અગની અંબર પાણી, ધાતુ માટીમાં ધરાયછેરે જુવો.૧
કાલુ કલેવર જાનો એ કાલકા, ભયંકારી ભલાયછેરે જુવો. ૨
કાલના જેવો ચમતકાર છે, ખુબ જઠરાગન આયછેરે જુવો.૩
વ્રજલાલ નિમત્ત સરકે વહીને, ઝટલોહુ પાટે જવાયછેરે જુવો.૪
જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૨૭

ભભક ભભક થાય ધુંવાથી ભારે, આવતાં જાતાં ઉછલાયછેરે જુવો.૧
જેમ નાક આંખમાંથી જલનાં ઝરનાં, ઝરતાં એમ જણાયછેરે જુવો.૨
શ્વાસ ઉપર જેમ શ્વાસ સરૂ છે, સ્ટેશન આપે બંધ થાયછેરે જુવો.૩
વ્રજલાલ ત્રાતા ગુરૂ પ્રતાપે પ્રભુ સ્ટેશન પહોચાયછેરે જુવો.૪
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૨૮

તારની વાડ જુવો બંન્ને તરફએ જનમ મરણ જણાયછે,જુ.૧
રસ્તાઓ તે પણ તેમાં રાખેલા,જેથી અવાગ જવાયછેરે; જુ.૨
[illegible] આપી અમને અંત તેતો. કોઇ બોજ ખાલી કલાયછેરે,જુ ૩
વ્રજલાલ હેતું વધુ વિચારે, પ્રમાનંદ અને કાઇ પાડાયછેરે.
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૨૯

પરગામ સુધી પૈસા હોય પાસે, બારણે નીકલી બેસાયછેરે, જુ.૧
આગેથી ચેતવણી બેસાડુઓને, સંગીલ હાથ સમજાયછેરે; જુ.૨
કલાસ ટીકટ પ્રમાણે કોઈ, ટીકટ વના તરસાયછેરે, જુ. ૩
બ્રજલાલ પછે પડે વિચાર તો વિચાર પ્હેલો વખણાયછેરે.
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૦

વિત્ત જેને પાસે જુવો વિચારી, આશ સુધી ઉતરાયછેરે;જુવો.૧
તે સમે બોજ ઉપાડના તેનો, મજુર પોક મનાયછેરે. જુવો.૨
પૈસો બાવિષ્ય તે હોય જો પાસે, એને ટીકટ અપાયછેરે;જુવો.૩
બ્રજલાલ કોઇ લે નહિ વધુમાં લોભીયાથી નાં લેવાયછેરે.
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૧

ટેમ થયા વિના માસ્તર તોપણ,એથી નાં બારી ઉઘડાયછેરે;જુવો.૧
ટેમ થયાથી તજ ઘડીમાં, ઘંટનો રજા ગજાય છેરે. જુવો.૨
ભાડું આપે છે તેને તે ભાઈ, એનાથી ટીકટ અપાયછેરે;જુવો.૩
બ્રજલાલ વધુમાં એમ વિચારો, જર વનાનો ઝલાયછેરે.
જુવો રેલ ગાડી ચાલી જાય

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૨

હુકમ સાહેબનો તેમ રહી હાજર, કોઇને ના ન કેવાયછેરે;જુ.૧
પોલીસવાળા ફરી ફરી પાછા, માલ સંભાળ્યો મનાયછેરે.જુ.૨
આલસુ ઉંઘ એ માંહી એનો,ચોરાંથી માલ ચોરાય છેરે;છેરે;જુ.૩
બ્રજલાલ જાગતાં વખત વિતાવો, માલ તે સાચવ્યો મનાયછેરે

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૩

સ્ટેશન આવ્યાથી ગાડી થંભાશે, ભુલાને ભુમો થાયછેરે. જુ.૧
આગુપ સ્ટેશન જેને આવ્યું હોય, એનાથી વેલું ઉતરાયછેરે;જુ.૨
બેતર્ફ બારીયો બેઠેલાં બાધાં, આંખોવાલાથી જોવાયછેરે.જુ.૩
બ્રજલાલ આનંદ જોનાર વપુમાં, મનમાં અંધા મુઝાયછેરે.
જુવો રેવગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૪

સ્ટેશન સ્ટેશન તપાસવાની, જેમ ટીકટ જોવાયછેરે; જુ.૧
આવરદા ટીકટ થૈ રહી એને, દ્વારથી કાઢી દેવાયછેરે. જુ.૨
અંધારૂ થાશે તેથી આગળથી, ઠામ ઠામ દીવાથી થાયછેરે;જુ.૩
ત્યાન રવિ ઉગ્યો દેહગાડીમાં, ઠીક બ્રજલાલ અજવાળું થાયછેરે,
જુઓ રેલ ગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૫

ચતુર ગાડીનો ચલાવનારો, ચલાક ટેમ ન ચુકાયછેરે, જુ. ૧
ખીટીયો ફુંકતાં દીવાસલી બલતી, નીચેથી નીચી નંખાયછેરે;જુ.૨
ત્રાસ પામે જીવ કેટલા તેથી, બાધુ જંગલ બલાયછેરે, જુ.૩
બ્રજલાલ અનીતિએ તો વિચારો, હાલું નુકશાન થાયછેરે.
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૬

નબળા જીવાંને બાલશો નશે, સબલાંથી સમજાયછેર; જુ. ૧
નંદ્યા કરે સહુ અનીતિ નીરખી, ધિક્કાર તેને ધરાયછેરે. જુ.૨
આગે જવાથી નહો નથી એમાં, ખોટાઇથી માર ખાયછેરે;જુ.૩
બ્રજલાલ સમજો ગાડી વપુમાં, શુલ સ્ટેશન બંધ થાયછેરે.
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૭

શક્તિ વના થાય અંજીર શરીર તે,માથુ સપેત મનાયછેરે;જુ.૧
ચશમા અંધારામાં ચસમા તે વિચરે, શ્રોન ચાલ્યાથી ન સંભળાયછેરે
ગાડી જવા આગે તાર મણુહારો,સ્ટેશન સુલપર થાયછેરે,જુ. ૩

બ્રજલાલ બીજું શું જાણે એ વાતમાં, સંત માસ્તરથી સમજાયછેરે.
જુવો રેલગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૮

જાતાં જાતાં ગંગજલ જમનામાં, નર્મદાદિકમાં નવાયછેરે. જુ. ૧
કાશી ખેતરમાં ઉતરે છે કોઇ, મધાખેતર મરાયછેરે. જુ. ૨
મોટા ડુંગર ભલે આવે મારગમાં, એમાં પણ નાં અથડાયછેરે. જુ. ૩
જોરાવર બ્રજલાલ ઝપાટો, આવેથી નાં ઉભરાયછેરે,
જુવો રેલ ગાડી ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૩૯

ગુજરાત દેશમાં ગાયકવાડી, કડી પ્રાંત કહેવાયછેરે જુવો. ૧
સાબરમતી પાસે પરગણું સરસ, વિજાપુર વખણાયછેરે જુ. ૨
સરસ સર્વે વિદ્યામાં સુજાણ, રાજ તે સયાજી રાયછેરે જુ. ૩
ગાતા ગુરૂતણા બ્રજલાલ આ નથી, ગાડીના ગુણ એમ ગાયછેરે જુ. ૪
જુવો રેલગાડી ચાલી જાય છે

સંપૂર્ણ.

જાય છે જાય છે જાય છેરે જુવો આગબોટ ચાલી જાય છે.
(ટેક)

ભવસાગર ભારે ભયંકારી, આસાપાણીઓ લખાયછેરે જુ.આ.૧
પાર પાણીનો નથી પ્રાણીયા, ટીકટવાલાથી તરાયછેરે જુ.આ.૨
જરા આગેથી વિચાર છે જેને, એનાથીજ ઉતરાયછેરે જુ.આ.૩
બ્રજલાલ વપુ હેવું વિચારો રંકને ચાયતો રાયછેરે જુ.આ.૪
જુવો આગબોટ ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો આગબોટ ચાલી જાયછે.
(ટેક)

કદાપી બેઠા બેસાડુ કોઇ, દુષ્ટ સંગ ડુબાયછેરે જુ.આ.૧
ખરચી હશે દરિયા ખારામાં, ખાંતે તેથી ખવાયછેરે જુ.આ.૨
ખરચી ન હોયતો ત્યાં શું ખાવાનું,
ભયવાલાથી આગે ભરાયછેરે. જુ.આ.૩
પાણી પણ બ્રજલાલ હશેતો પીશો,
પાંણીવાલાથી પીબાયછેરે. જુ.આ.૪

જાય છે જાય છે જાય છેરે જુવો આગબોટ ચાલી જાય તે.
(ટેક)

અંગ આગબોટ છે નામજ એનું, જોવાથી એક જણાયછેરે જુ.આ.૧
તીરથ કરવાનાં ચાર તરફ છે, એનાથી ત્યાં ઉતરાયછેરે જુ.આ.૨
મુસલમાનો પણ મનમાં માની મક્કા મદીન મનાયછેરે જુ.આ.૩
પોતપોતાની ભાવના માંણી, બ્રજલાલ ત્યાં વીચરાયછેરે જુ.આ.૪

જાય છે જાય છે જાયછે રે, જુવો આગબોટ ચાલી જાય છે.

(ટેક)

નજરો નાંખી ચોફેર નિરખો, કિનારો કોઇથી કળાયછેરે; જુ.૧
મોહ લોભ અને ક્રોધ તે માંહી, જલનાં જીવ જણાયછેરે જુ.૨
ગ્યાની રૂપી મોતી રત્ન ઘણાં છે, કુકર્મી સંખલા કેવાયછેરે,જુ.૩
બ્રજલાલ તેતરે વિચારવાલો, મતી વના તો મુઝાયછે રે.
જુઓ આગબોટ ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૬

ગુરૂ કેવટ હાકનારો ગ્યાની, જેના આધારે જવાયછે રે; જુ.૧
ચલાવનારા વના નથી ચાલતું, ચલાવે તો ચલાયછે રે; જુ. ૨
હાકનાર હુશિયાર કેવટ ન હોય તો, દરિયામાં નક્કી ડુબાયછેરે જુ.૩
બ્રજલાલ હેવો ગુરૂ કેવટ વિચારો, તો પછી તેથી તરાયછે રે.
જુવો આગબોટ ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે, જુઓ રેલગાડી ચાલી જાય છે,

(ટેક) ૧૫

ચુકવું નહિ બેસતાંની ચલાકી, ખસી પડયાથી જીવ ખાયછેરે;જુ.૧
સાગર ભવમાં મોટી મુઝામન, રામ નામ ત્યારે રટાયછેરે.જુ.૨
આનો આધાર છે કેવટ ગુરૂનો, પારભવ સિંધુ પોંચાયછેરે જુ.૩
બ્રજલાલ હેવો ગુરૂ કેવટ વિચારો, જેવા તેવાથી ન જવાયછેરે
જુવો આગબોટ ચાલી જાયછે.

જાય છે જાય છે જાયછે રે, જુઓ રેલગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૪

ડુબ્યા પછી કાંય નથી દેખાતું, એ સમે બીજો ના ઉપાયછેરે જુ.૧
આજુની પરીવાર મેલવેલી માયા ડુબ્યા કેડે નાં દેખાયછેરે જુ.૨
પછે કોઈ તારૂં ના થાય પ્રાણી, જુંદાજુદા મારગે જવાયછેરે. જુ.૩
વ્રજલાલ તારૂં તું જોને વિચારી, ખોલીયું જલ જીવ ખાયછેરે.
જુવો આગબોટ ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે, જુવો રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૭

એતી પાર પહોંચ્યા પેલાં પ્રાણીઆ, થુલને હીલોરા થાયછેરે.જુ.૧
વાટમાં આવે છે કેટલાં વીઘન, જ્યાંસુધી તીરપર જવાયછેરે.જુ.૨
રાતદિવસમાં અજંપો રેછે, જાણે તે કાલ શું થાયછેરે. જુ.૩
વ્રજલાલ તેથી લે તું વિચારી, તારનારાથી તરાયછેરે,
જુવો આગબોટ ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે, જુઓ રેલ ગ ડી ચાલી જાયછે.

(ટેક) ૧૯

ક્રાયો ગુરૂ હોય કદાપી કેવટ, આગબોટ અથડાયછેરે. જું. ૧
જાવું હોય સ્વર્ગે જગદિસમાં, બીજે મારગ બદલાય છેરે.જુ.૨
મુસલમાનને જાવું હોય મક્કે, દોજક કોઈ દોરાયછેરે. જુ.૩
વ્રજલાલ ભવસાગર છે વશમાં, તેવા ઉપાયથી તરાયછેરે,
જુવો આગબોટ ચાલી જાય છે.

જાય છે જાય છે જાય છેરે જુવો રેલ ગાડી ચાલી જાય છે.

(ટેક) ૧૯

ભારે ભારે બન્ને ભાગ ભરેલા, પુન્ય પાપ પરખાયછેરે. જુ.૧
પોતપોતાના અધારો પછે, પાર જ્યારે પહોંચાયછેરે. જુ.૨
ભરવાનું ભાતું તો આગે ભરીલે, પાર ગયાં ઘણાં પછતાયછેરે. જુ.૩
બ્રજલાલ ગાતા ગુરૂ વિભાગે, જુગ ભવ સુધરી જવાયછેરે.
જુવો આગબોટ ચાલી જાય છે.

બોલમાં બોલમાં બોલમાંરે, સીતારામ વિના બીજું બોલમાં.

(ટેક)

હાલતાં ચાલતાં હરઘડી તું, તે નામ માલા કર તોલમાંરે. સી.૧
શાસ્ત્ર સંતના સ્વાદ સુધાતે, ધણીના ગુણ રસ ઢોલમાંરે. સી.૨
જાવું તો પ્રભુ ભજનમાં જાવું, દેવાલ વિના બીજે ડોલમાંરે. સી.૩
બ્રજલાલદાસે તો હેવું વિચાર્યું, કરી ભજન કિલોલમાંરે,
સીતારામ વિના બીજું બોલમાં.

ફુલમાં ફુલમાં ફુલમાંરે, મીથ્યા માયા માંહી મન ફુલમાં.

(ટેક)

અવસર ચુકે પસ્તાશો આગે, કલંક આંય થાય કુલમાંરે. મી.૧
મુવા પછે તું જોને હ્યા મુરખા, ધન જાશે બાધું ધુલમાંરે. મી.૨
ફેરા ચોરાશીના ફરી ફરીને, જઠરાગન તું ઝુલમાંરે. મી.૩
બ્રજલાલદાસે તો હેવું વિચાર્યું, ભાઈ જાશો નહિ ભુલમાંરે.
મીથ્યા માયા માંહી મન ભુલમાં.

[illegible] છે [illegible] કે [illegible]છેરે, ખોટો ખલકનો આ ખેલ છે

(ટેક)

આજીગરની જુઠી છે બાજી, હોકચી ખલ ફુલેલછેરે. ખો.૧

પરીવારાદી સમાં પોતાનાં, મેલાનો મેલ મલેલછેરે ખો.૨

ઝાંઝવાનું જલ સાચું જણાય છે, જહાં સુધી ન જોયેલછેરે. ખો.૩

અજબાલ ગુરૂ પ્રતાપે વિચારી, સરણાગતી સજેલછેરે.

ખોટો ખલકનો આ ખેલ છે.

પંદર તીથીઓ.

સમરી લે તું નારાયણ સ્વામી, જલજાતણો પતિ અંતરજામી; સમરી૦ ટેક. પડવે પદપંકજ એ પ્રાણી મધુકર મન રસ લે માની, જગતની માયા જુઠી જાણી. સમરી૦ ૧ બીજે ચરાચરનો છે બારી, હ્યાલની રિદ્ધી સિદ્ધી દારી, સુખ દુઃખ આપે એ સુખરાશી. સમરી૦ ૨ ત્રીજે સામ્ભે શ્રવણ તેની, રાખી નીત્ય પ્રમાણે રેણી; કાંણે સાંભળી કથા કેણી. સમરી૦ ૩ ચોથે કરી ચિત્તમાં એવી ચિંતા, સમા જેમ સમરે છે સુરસંતા; બહુ સુખી થાશો બલવંતા સમરી.૪ પંચમી થૈ પ્રાણી નીર પાપી, અતિથીને અનજલ તું આપી, કંગાલાંનું કષ્ટ દેજે કાપી. સમરી૦ ૫ છઠે શિલસિંધુ સ્વામી સાચે, રૂદીયામાં તેના ઉપર રાચો, કાયા જાણી કુંભ જેવો કાચો. સમરી૦ ૬ સાતમી શરણાપતી પદ સેવો, લગણી આ-

ચારી ઉપદેશ લેવો, હવે કોઇ ધર્મ બીજો હેવો. સમરી૦ ૭ આઠમે જાણે અંતરનો જામી, પામી સુખડા જેવી પ્રભુ પામી કૈવો તથા અજામીલ કામી. સમરી૦ (૮) નવમી માંહી ન તજીએ નિતી, રામાયણ કે છે એ રીતી, પ્રભુપદમાં રાખવી પ્રિતી; સમરી૦ ૯ દશમે તું હેવો થઇ ડાહ્યો, લેઇ નથી જાવું જે સાથ લાયો, એકલું જાવું એકલો નેતો આયો. સમરી૦ ૧૦ એકાદશી રહેવું અપવાશી, અહોનીશ સમરી અવિનાશી; વ-સણું હોય વૈકુંઠ થૈ વાસી. સમરી૦ ૧૧ બારસે રઘુબીરનું એ આંણું, હરિ હેત કરી અંતર માંનુ; છલ ભક્તિ રહેવાનું નથી છાનું. સમરી૦ ૧૨ તેરશે જેમ સોની સોનું તાવી, ભગવંત એમ જુવે ભક્ત ભાવી, અંતરતણી જાણી મલે આવી. સમ-રી૦ ૧૩ ચઉદશે આ બોધ ઉપર ચેતી, ખાંતે કરી જેમ ધન એતી; ફસી જાશો જગતમાં તો ફજેતી. સમરી૦ ૧૪ પ્રેમી વ્રજલાલ પુનમ પુરી, એમાં તિથી રહી નથી અધુરી, શીવે નહિ તે નર અસુરી. સમરી લે તું નારાયણ સ્વામી. ૧૫

સાત વાર. ૭

રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે—એ રાગ.

પ્રભુરસ પ્રાંણી પ્રેમથી પીજોરે, બેલી એના વિના નથી બીજો;
પ્રભુરસ પ્રાંણી પ્રેમથી પીજોરે. (એ ટેક)

બુધવંત બાંધી પ્રભુ આનોરે, મારૂં કીધું તમે સાચું માનોરે
ને જમ જીતવાનું ધારી જાનો. પ્રભુ૦ ૧
ગુરૂ ગ્યાન લેઇ થા તું ગ્યાનીરે, જો તું આશ રાખે જીતવાની
કર આતી લે બોધ કૃપાની. પ્રભુ૦ ૨
શું કરવા જઇએ બીજે સંગેરે, હેત કરીએ અતિ ઉમંગેરે;
રાખી આગેવાની બજરંગે. પ્રભુ૦ ૩
શનીવાર ચઢયાની સજેરે, માંગ મહારૂતીનો મજેરે;
ષટ જીતવાનો થાશે ગજે. પ્રભુ૦ ૪
દીવા કરે તેથી દેખાશેરે, જીવ અગ્યાન અંધારૂ જાશેરે;
જુઠા જમ જોતાં ને જીતાશે. પ્રભુ૦ ૫
કોમલ હૃદયે શત્રુને છલથીરે, બહુ જીતેલા છે ગાંનાબલથી
જેના નામે છુટયો ગજ જલથી. પ્રભુ૦ ૬
મંગલ દેનારો મંગલકારીરે, એના નામે રાખી હુંશીયારીરે
તેથી સહાય કરે તમારી. પ્રભુ૦ ૭
બ્રજલાલ તું દેવાસી વંકોરે, દુનિયામાં થાશે જશ ડંકોરે;
શત્રુ જીતી જા સ્વર્ગે નીશંકે. પ્રભુ૦
પ્રભુરસ પ્રાણી પ્રેમથી પીજેરે, બેલી એના વિના નથી બી
પ્રભુરસ પ્રાણી પ્રેમથી પીજેરે. પ્રભુ૦

મીરાના પદ પ્રમાણે.

રાગ કાફી.

ચતુરાઇ નાં ચાલેરે, ચતુર જોઇ હરી ચલાવી;
આપવાનું હોય તે આલેરે, આપણું કર્મ મળે આવી (ટેક).
દુકાને ચઢયાથી માલ દેખાડી, અનલની તે પર આંચ;
જોડશો નજર તોય ન જાણો, પાસે બેઠા હશે પાંચ.
છેતરા લેશે સોનેરે, ભાગ્યમાં કીડી અરસાવી. ચ૦ ૧
કઠણ તપાત ઝાલી સાંણસી કરમાં, ઘણ હૈયે કર ઘાવ;
પરિક્ષા કરવા વારે વારે પાછો, તે પરહેરો તાવ.
કસોટી જેવી કાયારે, પરિક્ષા જાત પરખાવી, ચ૦ ૨
ટંકનખાર વિધન નાંખે તેમાં, કોયલા મોહનાં કલાય;
અધર્મે ફુંકા દે તેના અગાડી, જનાર હોય એમ જાય.
પોતાનું આપે પાકુંરે, કંચન તોલ કરાવી; ચ૦ ૩
ભક્ત તણા એમ ભેદ જુવે છે, સમજો જેમ સોનાર;
દર્શન બ્રજલાલ પકે એ દઇને, વહાલો ચઢે વહાર;
દુઃખ પ્રથમ દે છેરે, તન ઇમ તરસાવી, ચ૦ ૪

સાચા દલથી સેવોરે, કરી ભક્તિ ફળ કેવું;
જુવો પ્રહેલાદ જેવોરે, જીભમાં રાખ્યું નામ કેવું. ટેક.
નગથી ગીરાવ્યો કુવામાં નાખ્યો, હાથીને આગળ એમ;
લઇ ખોળામાં હોરી લાગી છે, ખંભમાં કરી પ્રભુ એમ;
નરશીંગરૂપ નાથરે, ટેકપર કર્યું તેવું; સા૦ ૧

હું ઊઠી શકારી હાર આપ્યો જે, તેમ વસ્તુ લાવી તમામ.
વાણીયા વેશે મામેરૂં પુર્યું, કર્યાં નરસીનાં કામ,
શ્યામ રાખી શરણેરે, દાસનું ચુકાવ્યું દેવું; સા૦ ૨
જુઓ પ્યાલો મોકલ્યો ઝેરનો, કરી મીરાંપર કોપ;
પ્રભુ પ્રતાપે અમ્રત કરી પીધું, લાજનો ન થયો લોપ.
જાપ રામ રાખોરે, હૈયામાં તે નાંમ હેવું; સા૦ ૩
ખેડુ કરે છે સર્વે ખેતી, હૈયામાં સરખી આશ;
પાકે છે જેમ કરમ પ્રમાણે, વ્રજલાલ એ વિસવાશ;
બીજ જેવું વાવેરે; લણી ફળ તેવું લેવું. સા૦ ૪

વિચાર્યું કામ વરવુંરે, વારેવારે અવતરવું;
માયા મુકી મરવુંરે, ફેરા ચોરાશીના ફરવું. ટેક.
માટે કરીને મારૂં કહ્યું માની, તમોગુણનો કરી ત્યાગ,
સતોગુણના સ્વામીને સંભાળો, આનંદ થાશે અથાગ,
ભાગ્ય ઉદે ભાઈરે, ભવસિંધુ હોય તરવું વિ. ૧
શરણાગતિના નારાયણ સ્વામી, દીનબંધુ એ દયાલ;
શરણે આવ્યાથી રાખે જે શરણે, શરણાગતિ પ્રાદ સંભાલ,
બાલનો જેમ બાપોરે, કેવું પાલણ કરવું; વિ૦ ૨
સાચા મનથી થાવાની સીદ્ધિ જુઠાનું જુઠું જણાય;
પારખ જેવો નાણાંને પરખે, ખોટું તે ધક્કા ખાય.
જાય બજાર જુવોરે, એવાને ખાલી આથડવું; વિ૦ ૩
તનમન બચનથી સમરો સાચું, નારાયણનું નામ,

બ્રજલાલ સત્યનો છે એ બેલી, હૈયાની પુરાશે હામ;
કામ તારૂં કોઇરે સુખથી હોય સુધરવું, વિ૦ ૪

મોહન તારી માયારે, તેને કોઇએ નથી તજી;
સોપર તેની છાયારે, ભ્રમણામાં ન શકે ભજી- ટેક.
કઠણ ધારાની કાળજુ કાપે, કંચન કામ કરવાલ.
મળવા આવતાં મારે મારગમાં, હેંણા કરે છે હવાલ.
કાલ રૂપ કેવાંરે, ગજબ માથે કહે ગજી; મો૦ ૧
મોહ ક્રોધ અને લોભને મુમતા, મારે છે તે પણ માર;
જીતા તાનથી એવા એ જુદ્ધા, કષ્ટતણા કરનાર,
આર આવે ચેતીરે, શસ્ત્ર તણા સાજ સજી. મો૦ ૨
ભવસિંધુમાં ચિંતાએ ભારે, દુશમન ખેલે દાવ;
તેમાં તરવું ઉપાય તેનો, નારાયણ નામનું નાવ.
ચાવ કરી ચઢરે, ઉતરશે પાર અજી; મો૦ ૩
બ્રજલાલદાસે તો એવું વિચાર્યું, કરે ત્યાગ કોય કોય;
સમરે તુજને મન સાચાથી, રહેશે નહિતર રોય;
જોય જુવો જગમાંરે, પછી તો તેની મરજી. મો૦ ૪

ભગવાન તમને ભૂલ્યોરે, ભટકુંછું તેથી ભવમાં;
જનુની જઠરે ઝુલ્યોરે, દેહ તમે રાખી દવમાં. (ટેક)
ફેરા ચોરાશીના ફરી ફરીને, દુઃખ પામ્યો ઘણું દંદ;
વખતે વખતે તમે આવી વાલા, કીધ કર્યા મારા ફંદ;

છંદ રાખ્યો સાચોરે, ગભરાણો જ્યારે ગભેમાં. ભગવાન ૧
જેને કોઇ ન આધાર જગતમાં, એના છો આધાર;
કષ્ટ વખતમાં કષ્ટ કાપ્યું છે, કરૂણાકર કીરતાર,
પાર વના પ્રાણીરે, લીધા ઉધારી લવમાં. ભગવાન ૨
માયા તમારી મુકાતી નથી, માયા મારે છે માર;
માયા થકી હવે મુને મુકાવો, બ્રજલાલની આવો વાર;
તારનારા તમેરે, ધાર્યું વસ્યા જેમ ધ્રુવમાં. ભગવાન ૩

જુઠી કાયા જાણોરે, સાચી નથી જાણો છલમાં;
મારૂં કહ્યું માનોરે, પડી જાશે એક પલમાં. (ટેક)
જમરાજના જમ આવે જ્યારે, જુલમ કરશે જોર;
સૌ બેઠાં હશે સગાં સંબંધી, કાયર થાશે કઠોર;
ચોર જાસે ચોરીરે, ડાહ્યા સમજે દલમાં. જુઠી૦ ૧
દીકરા દીકરી દોલત દારા, ભત્રીજા ભોજાઇ ભાય;
જનક જનની સંપતિ જુઓ, જોગ મુકી ચાલી જાય;
શાય કોઇ સંગરે, આવીને કરે અક્કલમાં. જુઠી૦ ૨
તેથી જુઠો સમજો તમે, જગનો છે જંજાલ;
નરને કરીને સમરો નારાયણ, વિચાર એ બ્રજલાલ;
ખ્યાલ બાજીગર ખોટોરે, જુઠપણું જે મૃગજલમાં. જુઠી૦ ૩

ખાવીંદ તનમાં ખુદારે, નેકી તમે તજો નહી;
જરાએ નથી જુદારે, જાણાશે ત્યારે મુમતા જશે. (ટેક)

શાહ કલમો અડધો સમજી, ઇલલ્લા ખુદ એક;
કાપ્યું મસ્તનું શીર તે કહેછે, તેમ ઘડપણ રાખી ટેક.
બંન્ને સાથે બોલ્યારે, શાહે જાણ્યું હા તમ હશે. ખાવીંદ૦ ૧
ખુબ સમ સબંદો ખોદાનો, ખેલીયાની દીધી ખાલ;
મચ્છર ખાય પણ મન માલકમાં પાક તેના અતીપાલ;
હમેશાં ખોદા હેવારે, કૃપા કર કાયા કશે. ખાવીંદ૦ ૨
ખુદા દોસ્ત શાહ ખલકમાં સાંભળી ફકીરનો સ્વાલ;
પતશાહી બગસાહી પલમાં, બંદો એ બ્રજલાલ;
હેત રાખે હેતુરે, બીસ્મલ્લા મનમાં વસે. ખાવીંદ૦ ૩

મમતા નિંદા મુકો, સમજો તમે નથી સારી;
ચતુર થઇ કેમ ચુકોરે, ખલતામાં તો થાસે ખ્વારી. (ટેક)
હિંદુ કહેછે ધર્મ હમારો, ભારે તેમાં પણ ભેદ;
પરસ્પર તે પડપંછ પાકો, વદતો નથી એમ વેદ.
ખેદ એ તો ખાલીરે, કરે અંતે કષ્ટ કાળી. મમતા૦ ૧
મુસલમાન પણ માની મમતા, વરવો કરે છે વિવાદ;
ખલકમાં સૌ હેવજ ખોટા, અલ્લા છે એક યાદ;
વાદ કરે વેમીરે, નીરંતર નરનારી. મમતા૦ ૨
જુદા ભાઇઓ નથી તમે જાણો, ઇરષા મુકો આપ;
સૌના ઉપર એક છે સ્વામી, બાલકનો જેમ બાપ.
વ્યાપ રહ્યા વપુરે, ચારાચર સુખકારી. મમતા૦ ૩
ભરમ કર્યા જેમ દુકાન ધારી, મમતાથી વખાણે માલ;

જુવો બેચાર વાનગી જાણુશે, બેલી આસે પ્રજલાલ;
ઘલ એ છે પેંગીર, કાસતણી દુઃખકારી. મુમતા૦ ૪

એ નાં પાછાં આવેરે, મરનાર એતો મુવો;
નાખ્યું કોઈ નાવેરે, રૂદિયામાં સીદને રૂવો (ટેક)
જે પંથે ગયો છે જીવ જંજાલી, તું જે રૂવે છે તેજ;
તેજ મારગમાં જાવું છે તારે, આવે લેવા જમ એજ;
એજ રીતે તારારે, વાંસે રૂવે લોકને જુવો. એ૦ ૧
બાપતે બાપને મુકયા વિસારી, બાપતે બાપને એમ;
આપણુ સર્વે વિસારે અંતે, જાંણુ ન જનમ્યા તેમ;
આણી સીદ પડોકોરે, કારયમાં છે મોકનો કુવો. એ૦ ૨
માથા ઉપર તારે મરણ ભમે છે, ચકે છે જેમ ચોર;
એતાં સૌ રેશે લઈ તુંને જાશે, જરા નહિ ચાલે જોર;
ચેતીને તગે ચાલોરે, સુણો માલ નથી સુવો એ૦ ૩
રાવણ જેવા કોઈ નથી રહ્યા, જનમ્યું તે મરી જાય;
અવિચલ એમ તું નથી આવ્યો, ગુણ પ્રજલાલ સૌ ગાય;
મનખો આ મુધોરે, ખલતામાં સીદને ખુવો એ૦ ૪

માન કહ્યુ મારૂંરે, મુક્કર તારે જવું છે મરી;
તન નથી તારૂંરે, જ્વાલા માંહી જાશે પ્રજરી. (ટેક)
ભવસાગરમાં ભૂલ્યો ભમે તું, મીથ્યા માયા માંય;

અંતકાલે તો જાવું એકલું, આ દેહ રેશે આંય;
કાંઇ સાથ નાવારે, પુંજી આંય રેશે પડી. માન૦ ૧
જવાબ જઇને શો તારે દેવો, ધર્મ રાજાને દ્વાર;
પુરો પસ્તાવો થાશે પ્રાણીયા, વહેલો કરોને વિચાર;
માર પડશે માથે, જમ જાશે જ્યારે પકડી; માન૦ ૨
જાગીને જોશો ત્યારે જાણશો, જુઠો છે આ જંજાલ;
જાગીને જોયું પ્રેહલાદ જે તું, પ્રભુ થયા પ્રતિપાલ;
વાલનથી વધારે, શ્યામાં રેહા શરણ ધરી. માન૦ ૩
અવસર નર તણુ ફેર ન આવે, પ્રાણીઆ અવસર પાય;
સમરી લે વ્રજલાલનો સ્વામી, જંજાલનું દુઃખ જાય;
થાય નાંમ ચરૂરે, ઘરૂ જુઓ ભજ્યો છે હરિ. માન૦ ૪

મોહથી મારૂં માન્યુંરે, વિચારો શું વલવાનું;
જાણવાનું નથી જાણ્યુંરે, ચતુર અંતે ચલવાનું (ટેક)
જંગલમાં જુવો ચારવા જાય છે, ગાય ભેંસોનો ગોવાલ;
ધુપ થંડ સહી વાંસે ધાય છે, રખડે એમ રખવાલ;
દુધ તે દોયાથીરે, તેને નથી મલવાનું. મોહ૦ ૧
દરણાં દરે છે રાત દિવસમાં, થરથર દુઃખી થાય;
તેને ખાવાનું તે પણ નથી, ખાનાર હોય તે ખાય;
કાયા જાય સુકીરે, બીપતમાં બલવાનું. મોહ૦ ૨
નગર સિંહ ગાડાના નીચે, ચાલી કરે ચતુરાઈ;
બોજ ઉપાડું હું જુવો હું બાંધો, નર સમજો એ નવાઈ;

જાણ્યો એમ જુઠોરે એનું એમ ભલવાનું, મોહ૦ ૩
જુવો જોઇને આ જગતમાં, મેળાનો મેલ્યો છે મેલ,
બ્રજલાલ વળી મનમાં વિચારો, ખોટો બાજીગર ખેલ;
મેલ જુઠો માનોરે, સૂઘડ નથી છળવાનું. મોહ૦ ૪

જાગજ્યો નજર જોરીરે, મુસાફરો કહ્યું માની;
ચોર જાશે ચોરીછે, નાણાંની કરે નુકસાની; (ટેક)
અમુલ્ક રત્ન કેવું અંગમાં, જોને હ્યા તારો જીવ;
જાગશો ન તો લેઈ તે જાશે, ગભરાવી ભાગશે ગ્રીવ,
શીવ જેવા સમરરે, જીવ એવું લે તું જાણી. જાગ૦ ૧
આ ધર્મશાળામાં કૈ એક આવે, ચકતા રહે છે ચોર,
સુઇ રહે તેનું ધન લે છાનો, જાગતાપર નહિ જોર;
સોર મારો સાચોરે, હુંઘવામાં થાશે હાનિ. જાગ૦ ૨
છળભળ ભરેલા તારે સંગાથી, પ્રપંચ કરે તે પાંચ,
લગની તેઓને તુંને લુટવાની, અંતે લગાડશે આંચ;
જરાય નથી જુઠુંરે પસ્તાઇ ગયા કૈક પ્રાણી. જાગ૦ ૩
પરદેશમાં આવ્યો પ્રાણીયા, રહેવાનું મકામ રાત;
જાવું છે જીવડા તે તો તું જાણે, પ્રગટે જ્યારે પ્રભાત;
વાતનાં વિસારોરે, બ્રજલાલ સાચી વાણી. જાગ૦ ૪

ભરથરી સત્તક ભાખ્યુંરે, સત્ત વર્ષનું તે સમ છે;
એમ જક્ત આખુંરે, કહે તેમાં કાંઇ કમ છે. (ટેક)

સો વર્ષનું આયુષ સૌને, તેનો કરી લ્યો તપાસ;
આવરદા જો પુરો હશે તો, પુરાં કપાશે પચાશ;
નીંદ્રામાંહી નક્કીરે, જ્ઞાનીયાને તેની ગમ છે. ભરથરી૦ ૧
પચાશમાંથી પાછાં પચવીશ, કરો ગણતી કપાય;
તેનામાંથી સમજો તમે, જુઓ સાડાબાર જાય;
બાલપણ તેમાં બાકીરે, પાંત્રીશ રહ્યાં પર્મછે. ભરથરી૦ ૨
સાડાબાર તેમાંથી સમજો, જોબનમાં ન જણાય;
પચીશ રહ્યાં ભોગવવાં પાછાં, જંજાળમાં તે જાય.
સમજ્યા ત્યાંથી સાધોરે, મારે મન એ મર્મ છે. ભરથરી. ૩
તેટલું જીવવું વિશ્વાસ ન તેતો, અકાલ મૃત્યુ થાય એમ;
ત્રાતા મારી ગુરૂના પ્રતાપે, રાખી બ્રજલાલ રહેમ;
ભગવંત ભજોરે, દેહમાં જ્યાં સુધી દમ છે. ભરથરી. ૪

નશો કરો કોઈ નીંદારે, મોહ મુમતા દો મુકી;
વ્રજલાલ બોધ વિચારે, ચતુર નથી ગયાં ચુકી. (ટેક)
પારકી નંદા કરવામાં પુરા, આખો દીન અથડાય;
થાય વખત તોય ઠરીને, ખાવાનું નહિ ખાય;
પંચાત પોતાનીરે, જમ જુવો રહ્યા ઝુકી. ૧
પરદેશો આવી થયા પડપંચી, દેશ રહ્યો ઘણો દુર;
જાતાં જાતાં થાકી જાશે, પછે આવ્યું નદીપુર;
તેને શાને તરશોરે, રસ્તામાંહી રાખે રોકી. ૨

એતો વિચારતો નથી ઉંઘો, પોતાની બગડે પંચાત,
દિવસ વિત્યા પછે અંધારી દારૂન. ૨
રખડવાની રાત, આવે ચોર એમાંરે;
માલ કેમ જશે મુકી. ૩
રહેશે લુટાયા પછે રોઇને, જીવમાં જાણી જોય;
પછે પસ્તાશે પુરા પ્રાણીએ, કહે બ્રજલાલ સૌ કોય;
પોતાના થશ પોકેરે, ફરી આગ દેશે ફુંકી,,
નશે કરો કોઇ નીંદારે. ૪

માનો ભાઇ મોટોરે, કાયામાં છલ તેને કાડી;
ખેલ જગતમાં ખોટોરે, બાજીગર ખેલવાડી. ટેક.
બાલપણે કાંક વરસ વીત્યાં, જુવો પાલણામાં ઝુલ;
દુઃખ જનક જનુનીને દીધું, અગ્યાનમાંહી અતુલ;
ભુલ એતો ભાઇરે, રમકડાં રમાડી. માનો૦ ૧
તાર પછી જોઈ જોને લયા તારે, જોબનમાં આવ્યું જોર;
ભામણી કેસ સંગે ભરમાણો, ચંદથી જેમ ચકોર;
દારપથી ધંધોરે, જાણે જીભ જગલાડી. માનો૦ ૨
આયુષમાંથી એમ એમ ઓછાં, વરસ જાય વિચાર;
ચોથી અવસ્થા આવે પછી ચાલી, થરથર થુલ થનાર;
ચુકયો તોય નાં ચાડીરે, ચાલે જેમ રેલગાડી. માનો૦૩
ઘરડપણ આવ્યું જાણી ગંડાપો, બોલે બનીતા બાલ;
પડી રેતો નથી પડપુછ પુરી, સમજણ વના સ્વાલ;
એઠા કરે બકવારે, ડોસો મુવો દાડી દાડી માનો૦ ૪

ખાટલો તુટયો આપે ખુણામાં, હેવા થાશે હવાલ;
નામ નારાયણુ નાવ ચઢી લ્યો, બોધ સાચો બ્રજલાલ;
તાલ નથી તરવુંરે, ખારી દરિયાની ખાડી. માનો૦ ૫

ભક્તિનો મારગ ભાઇરે, રોકી તમે મન રાખો;
લોભ દયાનો લાઇરે, ભવ તજી સત્ત ભાખો. (ટેક)
પર નિંધ્યા પર ઇરસા પરહર, પ્રૌઢ ન એવું પાપ;
શત્રુ હેતુને એકજ સમજો, આપ જેવા બીજા આપ;
એક જાણી ઈશ્વરરે ચરણાંમ્રત ચાખો. ભક્તિનો૦ ૧
ચાયતો વસ્તીમાં વસવું ચાતુર, વસો ચાય વનવાસ;
ચાયતો જમી લ્યો મેવા ચારૂ ગરીબ થૈ લુખા ગ્રાસ;
શ્વાસ શ્વાસ સમરીરે, રામ રૂદિયામાં રાખો. ભક્તિનો૦ ૨
અંગમાં ચાયતો જરીનાં અંબર, ચાયતો ફાટયાં ચીર;
સમજી તેવું થાય સંતોષી, ફેર તે નામ ફકીર;
ધીરતાથી ધ્યાનીરે, હૈયે હેવી અભીલાખો ભક્તિનો૦ ૩
ગ્નાતાચારી ગુરૂ પરતાપે, વદે ઈમ બ્રજલાલ;
સાચા મનથી જો ઈમ સમરે જાશે ત્યારે જંજાલ;
ચાલ હેવો ચોખોરે, સંત વેદ પુરે શાખો. ભક્તિનો૦ ૪

મંદિર દેહ માંહીરે, તીમર મોહરૂપી તાલું;
ક્રોધ કચરો ત્યાંહિરે, મેલું તેથી મતવાલું (ટેક)
ઓપે છે અનુપમ ઓપમા એની, આતમરાજ અમુલ;

તેજ વરણું તો પાર નથી તેનો, થયું પંચતત્વ થુલ.
વરણું કે વિધીરે, રતન માંહી રૂપાળું. મંદિર૦ ૧
ચોફેર શોભા ઘરમાં છે ચારૂ, દશ છે જેને દુવાર;
પાંચ તો અજાણ પંડીત પુછો, પાંચમા ગ્યાન અપાર.
મન મંત્રી મોટોરે, કામ કરે રઢીયાળું. મંદિર૦ ૨
કામ લોભાદિક કીંકર કેવા, ચાકરીના છે એ ચોર;
સુધારો કરતા નથી સદનમાં, માયા પવન મરોર.
બગાડી નાંખે બાધુરે, મેંસ મદથી કરી કાળું. મંદિર૦ ૩
તેથી સ્નેહરૂપી પ્રેમ તેમાં, વિશ્વાસરૂપી દીવેટ;
અજવાસ હેવી રીતે વણીને, ઉઘાડી પછે નિકેત.
ધ્યાન દીપક ધારોરે, એથી થાશે અજવાળું.
મંદિર દેહ માંહીરે, તીમર મોહરૂપી તાળું. ૪

પ્રજાપતિ પ્રતાપીરે, કેવી રચના કરનારો;
માટી લૈ લૈ માપીરે, ઘાટ કેવા ઘડનારો (ટેક)
માટી તે પણ કેવી મનોહર, લેઈ પાણી તેમાં લાલ;
પાંચ પ્રકારે મેલ કરી પુરો, રચી રચીને રસાલ;
માલ ઘટ મોટીરે, નેભાગનમાં ધરનારો. પ્રજાપતિ૦ ૧
એની ફેર જુઓ ખુણી અનાંખી, તેમાં છીદ્ર રાખે તેમ;
તેઓને પુરે તાપે તપાવી, નવ માસનું નેમ.
પુરાં થાય પાકેરે, પાકો છે પકવનારો. પ્રજાપતિ૦ ૨
બારણે કાઢે નેવા બસ્તીમાંથી, મતલબીનો થાય મેલ;
વખાણી વખાણી લેઈ લેઇ વલી, થાય છે ઠેલાઠેલ.

એલ એવો ખરોરે, કુડાને સાચો કરનારો. પ્રજાપતિ૦ ૩
ત્રાતાચારી ગુરૂને પ્રતાપે, બ્રજલાલ ધ્યાન બિચાર;
સૌ જાણે તે જુવોને સૌને, પાણીનો પાનાર.
જગતમાં જાહેરરે, ખાલી તેને ભરનારો. પ્રજાપતિ૦ ૪

બગડે કાલ બાધોરે, કાલ કૈક કાલ કીધા;
સમજી કાલ સાધોરે, સમજ્યા કાલ થયા સીધા. [ટેક]
કાલ ભજે તો તત્કાલ ભજી લે, કાલ કરે પછે કુન;
કાલ દલાસામાં કાલ જો આવે, એ કાલ રોવાની ધુન;
સુનુ રેશે સહરે, દુઃખ તણા દાવ દીધા બગડે૦ ૧
ત્રીકાલધ્યાની તે પણ તેલું, સમજી લે કાલ સુધાર,
કાંય જુવો કાલને જોર ના કીધું, સુધાર્યો કાલ ધ્રુવ સાર.
માર જીતી માનોરે, પ્યાલા પ્રભુ રસ પીધા. બગડે૦ ૨
કોકજ ઉગર્યા કાલથી કેવા, કર્યો લોમસ નહિ કાલ;
કાલ કાલમાં ફેર કીધો ફે, કાલ કંસ મહિપાલ.
કાલહર્ણો કંસનોરે, પ્રહેલાદથી રોષ કીધા. બગડે૦ ૩
કાલ દલાસો દેવો નહિ કોઇને, લેવો નહિ દલાસો કાલ;
સમજ્યા તેજ કાલમાં સમરો, કાલ જીતો બ્રજલાલ.
ફેર કાલ નાવેરે, કાલપતિ જાણી લીધા. બગડે૦ ૪

નારાયણ નામેરે, તર્યો અજામીલ તેવો;
ધાયો હરિ ધામેરે, લગણીથી એ પદ લેવો. (ટેક)
મારૂં મારૂં કરી મેળવો છો માયા, કાયાદિક સંગ ન કોઇ

મેળવેલું ધન વાંસે મુકીને, જીવ જાશે જાણી એય;
રોય વાંસે રેશેરે, જંજાળી પદ મદ જેવો. ૧
પચીશ પચાશથી સો થાય પુરા, હવે જો થાય હજાર;
તેમ થવાથી ક્રોડને તાકે, અરબ ખરબ અપાર;
લોભ તણી લગણીરે, હૈયે કરે સ્નેહ હેવો. નારાયણ૦ ૨
પતિ હું થાઉં સ્વર્ગ પતાલનો, તેમ તેમ ત્રષ્ણાના તાર;
મારા વિના કોઈ હું નહિ માનું, સૌનો હું સરદાર.
મારનારો મદનોરે, દુષ્ટ જાણે કુન દેવો. નારાયણ૦ ૩
માટે કરીને મારૂ કીધુ માનો, આનંદ પામશો ઉર;
શરણાગતી પદ બ્રજલાલ સાધો, જાચું તે તો જરૂર.
કુર નથી કેતોરે. શુરપતિ પતિ સેવો. નારાયણ૦ ૪

દેનાર સુખ દેશેરે, મંસા માંહી નથી માગે;
અંતરજામી એ છેરે અજાણ્યું નથી તેને આગે (ટેક)
કામ લોભ અને મચ્છર કાઢો એમજ મુમતા આપ;
પર ઈરસ્યાને પરહરો પરનિંદા જેવું ના પાપ;
તાપકાદી નથીરે, તેવાંને તું જ્યારે ત્યાગે દેનાર૦ ૧
અનદાતાર બીરદ છે એનો, વળી ગરીબ નિવાજ;
સોળ રૂપૈયાની મ્હોર સોનાની, એકનું મણ અનાજ;
લાજ નથી લેતોરે, ભય સમે દુઃખ ભાગે. દેનાર૦ ૨
જેના નામથી કૈક જગતમાં, તર્યા ભવસીંધુ તીર;
ગણતાં પાર ન તેશું ગણાવું, ધરતા ધ્યાન સધીર;
આગળ તર્યા એતોરે, કહ્યું છે ભુસંડી કાગે. દેનાર૦ ૩

બ્રજલાલ તીરથાં ઉપર વિચારો, ધણીનાં ચાતુર ધામ;
સહેજમાં હેતું કામ સુધરશે, નીંદ્રા મોહ તજી લ્યો નામ;
રામ રામ કેતાંરે, દામ તુને સારે લાગે દેનાર૦ ૪

કારીગર છે આ કેવોરે, સુતાર કામ નથી છાનું;
હશે ન કોઇ હેવોરે, વખાણુ તે શું વખાણું (ટેક)
મોભ કહીએ તેતો મસ્તક, આનન બારણું એમ;
કાંનને ઠેકાણે કુંભીયો કહીએ, ટોલ્લા આંખ્યો તેમ;
કપાલ રંગ કીધોરે, જુવો કાંમદેવ જાણું; કારીગર૦ ૧
બંન્ને હાથ અને પગ પણ બંન્ને, ઠીક બન્યા તે થંભ;
જુવો ખુબીદાર ખુબી જગતમાં, એથી આવે છે અચંભ;
બોજ તે પર બાધુંરે, ઘણું ખમે ઘરાંણું. કારીગર૦ ૨
કમાડ કોરણી કલિત્ત કોઠો, ખીલા શ્યામ કુચ સોય;
ભાતભાત માંહી રંગ ભર્યા છે, કહે એમ સૌ કોય,
જોય ભલે જુવોરે, જુદુ જુદુ જોવાનું. કારીગર૦ ૩
ઝીણી કોરણી જોવામાં જણાશે, વિશેષતા બ્રજલાલ;
એક સરીખાં કોઇ ના એમાં, પ્રભુ વસે જીવ પાલ;
સંભાલે એ સ્વામીરે, તેનું ના બગડવાનું કારીગર૦ ૪

એક ધરમ અનાદીરે, તરની ભવસીંધુ તરવા;
વળી તેમાં ન વિવાદીરે, વાદી બીજા જોયા વરવા (ટેક)
કોઇ મુખ બાંધે છલ કરવા, કોઈ જણવે દયા કંપ;
કોઇ અતિથીની ભૂખ ન કાપે, સૌ સૌ ધર્મના સંપ;

ચંપ રહ્યા ચિત્તમાંરે, ભારે ભજાનું ભરવા એક૦ ૧
કોઈ સંભલાવે પોકાર કરીને કરતાને જાણે નથી કાંન;
કોઇ સર્વે સરખાં કરીને, આપે જેવું ઇમાન;
બીજાનું બગાડેરે, એમ લાગે ઉચરવા એક૦ ૨
ગેરૂ મફત માંગે મલે ઘણો, વસ્ત્ર રંગીને વિશેખ;
પેરીપેરીને પુરા પાખંડી, ભગવા લજાવે છે ભેખ;
ભેખ કરવા ભટકેરે, સાધુ થઇ શું કરવા. એક૦ ૩
પોતપોતાના ધર્મનું પ્રાક્રમ, દામ ભર્યાની દુકાન;
ખોટો ખરો નહિ ખરો નહિ ખોટો, પારખ્યાથી પિછાન:
જોયાથી જણાશેરે, ધ્યાનમાં એ માલ ધરવા એક૦ ૪
ત્રાતાચારી ગુરૂ બોધ તેવો, વસ્યો મન બ્રજલાલ;
નારાયણ મુખ નામ નીરંતર પ્રાની સૈનો તે પાલ;
સરણાગતી સાધોરે, ફેરા ભવ શાથી ફરવા એક૦ ૫

જનમ હારી જાશોરે, અવસર ન મલે આવો;
પછે પસતાશોરે ગોવીંદ ગુણ જો ના ગાવો (ટેક)
સહુ મતલબ તણાં છે સગાં મતલબ આપે માન;
મતલબ વિના કોઇ ના માને, રાંક અને ચાય રાણ;
પ્રાણ દેહ પુંજીરે, જરૂર મુકી મરી જાવો જનમ૦ ૧
બાપને મુકીને જાય છે બેટો, બેટાને મુકીને બાપ;
દીકરી મુકી માતા સુખદાયક, એમ બધાં આપોઆપ,
પાપ પુન્ય પુઠેરે, લેતું તેથી ભવ લાવો જનમ૦ ૨
પાણી પીધા પછે ઘર જે પુછે, મુરખ એજ મનાય;

પાણી પીધા પેહલું ઘર જો પુછે, ડાહ્યા તે હરસાય;
જાય કામ જીતીરે, ફરી ન પડે ફસાવો. જનમ૦ ૩
ચતુર તેથી આગેથી ચેતો, હેણુનો થાય હવાલ;
ત્રાતાચારી ગુરૂના પ્રતાપે, બોધ લીધો બ્રજલાલ;
જાલ ઇમ જીતોરે, દુર થાશે જમ દાવો. જનમ૦ ૪

એક પ્રશ્ન કેહુંરે, ચતુર લેજ્યો વિચારી;
કૃષ્ણ કીધું કેહુંરે, વનીતાઓ લાવો વારી. (ટેક)
એકને ઉત્તર હેવો આપ્યો, પ્યારા થાશે પરભાત;
મુરજી હશે તો એ મેલવીશું, અતારે તો અધરાત;
વાત નથી જુઠીરે, આછે જુવો અંધીયારી. એક૦ ૧
બીજી ઉત્તર હેવો બોલી, બહુ વેગલો બાગ;
મારગ માંહી ચોર મળેતો, દારાને લાગે ડાગ;
બીખ નથી બીજીરે, મુને કાંઈ મોરારી. એક૦ ૨
ત્રીજી બોલી તે પણ તેવું, ઘર માંહી ગભરાઉં;
કુંભારને ઘેર નથી કરેલી, ખાલી ફેરા ખાઉં;
બાધું સ્નેહ બગડેરે, શેને રાખું સુધારી એક૦ ૩
ચતુરાઈ એમ ચલાવે ચોથી, નરને કરી જુવો નાથ;
સોનીને જઈ નિત્ય સંભળાઉં, હેમ હેવું આવે હાથ;
કરી આપું કેવીરે, નજર નાંખે નરનારી; એક૦ ૪
પાંચમી બોલી પ્રાણુથી પ્યારા, મનોહર છે મેંલાત;
આવી શકે નહિ તેના ઉપરથી, વાલા બને ન એ વાત;
કારણી ચોફેર કેવીરે, રંગ ભરી રઢીયારી. એક૦ ૫

છકી સ્વામીને ઈમ સમજાવે, સૌ જાગે છે શહેર;
જો હું અંધારી વખતમાં જાઉં તો, બંધાશે મારે વેર;
મેર કરો મુનેરે બ્રજલાલ બલિહારી. એક૦ ૬

હિંદુ ધરમ જાય હાલ્યોરે, રણુ બંકા રાખો રોકી;
વલી હરેશે દાટ વાલ્યોરે, હાકોર થાય ભુજા ઠોકી. (ટેક)
કાળા કોટ ધારે કાયામાં, બુટ કાળા પણુ બેસ;
ટોપીયો કાળી શિરપર તેવી, છિપાવે કાળા દરેશ;
વેષ ધારે વરવારે, તેને કુન શકે ટોકી; હિંદુ૦ ૧
કુતરાં પણુ સંગાથે કાળાં, કાળી પણુ જાકીટ;
કાળી લાકડીયો મોજા છે કાળા, કાળી ખીસા પાકીટ;
પાટલુન કાળારે, ડગલાં ભરતાં હાલે ડોકી. હિંદુ૦ ૨
બુટ પહેરીને ખાવા બેસે, પાવન કુતરાં પાસ;
મેજ ઉપર ખાવાનું મુંકી, ખરાબ વસ્તુ ખાશ;
વાસ જેની વરવીરે, જમતાં જમતાં જાય ઓકી. હિંદુ૦ ૩
ફરતે હરતે બીડીયો ફુંકે, તાસખાંને પણુ ત્યાર;
નિચ ઉંચમાં વિચારતા નથી, કેવો હેવો એકાકાર;
હિંદુ રીત હાવીરે, બ્રજલાલ વિલોકી. હિંદુ૦ ૪

વરન ચાર વિચારોરે, હિંદુ ધર્મ જાશે હાલ્યો;
શિવાજી જેમ સુધાર્યોરે, તમામ અધરમ ટાલ્યો. (ટેક)
ગૌમુખી નળથી પાણી સૌ ગરચે, બુટેલ ગાડીમાં ખાય;
મુસલમાનો તે પણુ માંહી ઠેલાઠેલ તે થાય;

ચમાર તેમાં ચોખારે, ભંગી પણ તેમાં ભાળ્યો વરન૦ ૧
નાવા ધોવાનું સમજતા નથી, વરણનો નથી વિચાર;
ઉંચથી નીચ તે થાય આદિથી, નીચનાં ઉંચ નાં થનાર;
ઘણા તેથી ઘટશોરે, જો નહિ આ બોધ ઝાલ્યો. વરન૦ ૨
ગુડમોં નિગમાં ફાળ્યા છે ગજબ, ચાલતાં પીએ છે ચાસ
વાસણ એઠું તો નથી વિચારતા, નક્કી ધરમનો નાશ;
કુકર્મની કરણીરે, મુરખ એતો ઈમ માલ્યો. વરન૦ ૩
જોડા પહેરીને બેસે છે જુવો, તખત શેનું તેજ;
ખેલાવે કુતરાં લઈ ખોળામાં, અનાથ જાણજ્યો એજ;
બ્રજલાલ વદીનેરે, પરમ ધરમ પાલ્યો. વરન૦ ૪

આ જુવો કળજુગ આયોરે, સાંભળજો હું સંભળાવું;
આપસમાં ઈરખાયોરે, હશે જેમાં લક્ષણ હાવું, ટેક.
માતપિતાને નહિ જે માને, વળી ભૈયામાં વેર;
બેન ના જમાડે રીસાઈ બોલે, કેવો અકરાકેર;
જુઓ સાળી જમાડેરે, માને નારી ફરમાવું. આ જુ. ૧
માનુની ઘરની વિસારી મૂકે, ઢુકે પરાએ ધામ;
ચુકે નહિ એ વ્યભિચારીમાં, અથ ખોનારા ગુલામ,
કામ બદ કરવારે, જેને દન પ્રત જાવું. આ જુ. ૨
બ્રાહ્મણ ઘેરે બકરી ભાળો, તુલસી નીચ ઘર તેમ;
સેવા ઉપર તેનો સ્નેહ સાચો, આખા જગતમાં એમ;
વેમ જેમ વળગ્યુંરે, પ્રેમ વના પસ્તાવું. આ જુ૦ ૩

મહીસુરને નથી માનતા, સાધુની નહિ પણ સેવ;
મંદિર દરશન વિસારી મુકયાં, ખોટા સંગતની ખેવ;
દેવ જુઠા દાખેરે, નથી નિત્યને મનાવું. આ જુ૦ ૪
પરનિંધા કરવામાં પુરા, પડપંચની પંચાત;
વિશ્વાસઘાતી ચોરીઓ વ્હાલી, ગજબ મિત્રની ઘાત;
સમજો આ સાચુંરે, જ્ઞાન બ્રજલાલ ગાવું. આ જુ૦ ૫

આ જુઓ કળજુગ આયોરે, સાંભળજો હું સંભળાવું;
આપસમાં ઇરખાયોરે, હશે જેમાં લક્ષણ આવું. ટેક.
શાસ્ત્રને પણ જુઠાં સમજે, ગણુતા નથી કોઇ ગાય;
ધર્મ ઉપરથી સરધા ઘોડી ગઇ, બીજરાજ બદલાય.
આય ચાલે એતોરે, જાણુતા નથી મરી જાવું. આ૦ ૧
આચારમાં નથી રહ્યા અભાગી, વળી પ્રભુ ન વિશ્વાસ;
દેવ જો હોય તો હમને દેખાડે, ખરામાંની શું ખાંસ,
જુઠું ન તો જાણુંરે, મિથ્યા સાથી ભરમાવું; આ૦ ૨
મહિસુર ધર્મ મહિસુર મુકયો, ક્ષત્રી મુકયો ધર્મ શ્રેષ્ઠ;
વૈશ્યે ધર્મ મુકયો પણ બાધો, નક્કી શુદ્ર પણ નેષ્ટ,
ક્રોડમાં એક કોઇરે, ધ્યાનમાં જેને ધાવું. આ૦ ૩
ઉત્તમ વરણ પાસે અભાગી, શુદ્ર કરાવે છે સેવ;
અસત્ય આવ્યાથી સત્ય અંતરનું, મુકયા થકી અહમેવ;
પ્રગટયો છે પાકોરે, બ્રજલાલ વખણાવું. આ૦ ૪

આ રીતી જાણવી આપીરે, પ્રતક્ષ જુવો પ્રભુતાઈ;
પ્રભુ કયાં પુછે પાપીરે, પ્રપંચી તેમ ન પલકાઈ. ટેક.
વસંત મહિના બંને વિચારો, ગ્રીષ્મ તેમ ગણાય;
વરખા રીતું તે પણ બન્ને, સરદ એમ સદાય.
હેમંત રીતું હેવીરે, શીસીર બન્ને શિતલાઈ; આ૦ ૧
વરસાદ જુવો કેયાંથી વરસે, બીજ તેથી વવરાય;
દાંણા એક એક વાવી દીધેલા, ગણુતાં મણ ગણાય.
જુદાં જુદાં જુવોરે, અચંબોપાકે કયાંથી આઈ; આ૦ ૨
ચાતુર મહિનાં ઉનાળાના ચાતુર, ચોમાસુ મહિના ચાર;
શિયાળાના પણ એમજ સમજો, ગણે જુદા ગણનાર;
કાંઇ નથી કલાતુંરે, એવી જેની અધિકાઈ. આ૦ ૩
કોઇ ઠેકાણે વરસે છે કેવો, કોઇ ઠેકાણે દુકાળ;
પ્રતક્ષ પરખાય જુવો એ પ્રભુ, વાણી સાચી બ્રજલાલ;
ભાવ રાખી ભજોરે, ચરાચર સુખદાઈ. આ૦ ૪

ચોદેર હુકમ ચાલ્યોરે, જુવો પતાલ સ્વર્ગ જેનો;
મન ગમતો માલ્યોરે, અંતે કોઇ ના થયો એનો (ટેક)
જોને હ્યા જોઈને જબર જોરાવર, રાવણ લંકાનો રાજ;
મંદોદરી સતી રાણી મનોહર, તે અસુર સીરતાજ.
સાગર ચોદેર સંધીરે, સમજો તેને ભય શેનો. ચોદેર. ૧
વસતાર તેનો શું રે વખાણું, એમ અતી અહલાદ;
કુંભકરણ જેનો ભાઇ કેવો, નંદ પાટવી મેઘનાદ.
આદ કે કહેવારે, તેમ હોજ દીમાક તેનો. ચોદેર. ૨

ચતુર મુખ જેની સુરજીથી ચાલે, ચાકર જેનો ચંદ્ર;
મારૂત કચરો કાઢે મહેલમાં, હાજરી માંહી ઇંદ્ર.
રૂરો કોઈ થાય સામોરે, કહો મગદુર કેનો. ચોદ્દેર. ૩
પલંગે બાંધેલ નવગ્રહ પકડી, કંપે જેનાથી કાલ;
સીતા હરી જુધ્ધ રામ સંગાથી, વીર કેવો બ્રજલાલ.
માયા મુકી મુવોરે, બીજોગ તનમન બેનો. ચોદ્દેર. ૪

મનસુબો તમે મોટોરે, ધ્યાનમાં કદાપી ધરશો.
અચીંત થાશે ખોટોરે વચમાં જો વીચરશો. (ટેક)
આગે થઈ ગયા અનેક હેવા આજ પણ છે અનેક;
પ્રાણી વિચાર ન થયો કોઇનો પુરો, સમજો અધુરો છેક.
એક એકલા હશોરે, માયા મુકી તમે મરશો. આ. ૧
વિના બંદોબસ્ત ચઢવું વિચારો, એજ તારૂં અગ્યાન;
ચતુર હોય તે સાચવી ચઢે છે, નહીતર છે નુકશાન.
અજા કાઢતાં ઉંટ પેસેરે, પગ લબશી હેઠા પડશો. આ. ૨
પ્રાણી હેવું વીચારવું પહેલું, પછે નતો પછતાય;
સામજી આરંભે તો કૃત સુધરશે, વાંસે ઘણો વખણાય;
જાય જગ જીતીરે તેમ ભવ સિંધુ તરશો. આ. ૩
તેથી બ્રજલાલ વીચારો તમે, મનસુબામાં નથી માલ;
કાલ કરવું તો આજ આદરવું, આજ કરવું તો હાલ.
ઓચીંતાનો આવેરે, કાળ તારે શું કરશો. આ. ૪

આ રીતી જણવી આપીરે, પ્રભુની જુઓ પ્રભુતાઇ;
પ્રપંચી પુરો પાપીરે, પ્રભુ કયાં પુછે પલકાઇ. (ટેક)
માતાના પેટમાં જીવ મલકેછે, સંકટ સમે સહાય;

તેને બારણે આવ્યાથી પહેલું, થાનલામાં દુધ થાય.
પાય પ્રભુ પ્રેમેરે, જનુની હેત જનાઇ. આ. ૧
તરવર જુવો તમામ તે પણ, ફુલી ફલે ચોફેર;
લોક કહે છે જીવ લીલામાં, હરીગ્યા સુકાથી હેર.
કહો તે કુન કરેછેરે. ગયું તે સુકું ગનાઇ. આ. ૨
જોને લ્યા આકાશથી ધુંવા ઝરે છે, અંધારૂ ચોફેર એમ;
કોઇ ઠેકાણે તો તડકો કાઢે છે, હોય કોઇ ઠામ હેમ.
જરા વિચારી જુવોરે, ભજો હેવા પ્રભુ ભાઇ. આ. ૩
સોનું રૂપું તે બ્રજલાલ સમજો, કેવી માટી કહેવાય;
ત્રાંબા વિગેરે હીરા મણી તે, માલક મુરજી મનાય.
તે વના સમજો તમેરે, ધ્યાનમાં તુને ધીકતાઇ. આ. ૪

જાગતું પ્રગામ જાવુંરે, વહાંણું જોને જાશે વાઇ;
ઘણે તડકે ગભરાવુંરે, ભાન વના સુઇ રહ્યો ભાઇ. ટેક.
પગરખાં પણ જુનાં છે પગમાં, અંગરખું ફાટયું અંગ;
વાહન પણ નથી બેસવાનું, છત્રી પણ નથી સંગ.
રંગ બદલી રોશોરે, મસ મન મુઝાવું. જા. ૧
મુંદલ છાયા નથી મળતી, જરાપણ નથી ઝાડ;
ક્યાંય ભાતુ નથી કરાવતા, રસ્તે સંભાળ શોરાડ.
ભૂખ લાગશે ભારેરે, ખરચી વિના શું ખાવું. જા. ૨
બચકામાં દોરી લોટો ન બાંધો, તે વના પામશો ત્રાસ;
પાણી વના શું કરશો પંથમાં, પ્રથમ સાધન પાસ.
પૂરો રાખો પ્રાણીરે, પછે ન પડે પસ્તાવું; જા. ૩.
જો વિચારી સુખમાં જાય છે, સત્તગુરૂનો સંગાથ;

બ્રજલાલ સુખથી પહોંચાવાલાને, નરખો હેતે નાથ.
માથું નામી મલોરે, જાગ તુને જગાવું; જા. ૪

ઓકાં ખઇ શું ઝુલેરે, જાગ વાણે વહી જાશે,
ભવ સાગર કેમ ભૂલેરે, એ થકી કયાં ઉતરાશે. ટેક.
એસે તો પણ ઘણી બીક છે, સાધન જોપશે સાથ;
પ્રથમ પાણી ખાવાનું પછે, સત્તગુરૂ હોય સાથ,
કૃપાએ કેવટનીરે, જલધી તરી જવાશે, ઓ. ૧
મચેલા તે મધ્યમાં મગર, કામ લોભ અને ક્રોહ;
વાટ જોઇ રહ્યા વાણ ડુબવાની, મુમતાને વળી મોહ.
કરડી ખાશે કાયારે, ચેતીને જો નાં ચડાશે. ઓ. ૨
કંચન અને માયા કામની, તે બંન્ને તરૂવાર,
કુપુત સોણત ઘાવ કરશે, દુષ્ટ છે દગાદાર,
નાંખે એહુવીને હમાંરે, તેનાં દયા તપાસે; ઓ. ૩
તેમ બીજાં પણ ઘણા તેમાં છે, પૂરાં વીઘનનો ન પાર.
ઝહાં જબરાંનું ભાર જોરાવર, સત્ય ગુરૂને સંભાળ;
તાર ગુરૂ ત્રાતારે, બ્રજલાલ વિલાસે. ઓ. ૫

સંવત અઢારા સંબંધેરે, તેરા પછે ભકત તેવા;
આ સાંમગો આનંદેરે; આજ પણ ભજની હેવા. (ટેક)
સોલની સાલ તે ગામ સાયલામાં, લાલદાસથી લેખાય;
ત્યારપછી જેલો ભક્ત જુવો, વીરપુર વખણાય.
અખાનો બાધ હેવોરે, સદાવ્રતની હજી શેવા. સંવત૧ ૧
કાશીમાં કુંવારી રાજની કન્યા, પ્રભુપર ઘણો પ્રમ;

જાનકીદાસ મુંબઈ થયા જુવો, અને ધીરમદાસ એમ.
વિજાપુર વિલોકયારે, ઈશ્વરદાસ ભક્ત હેવા. સંત. ૨
રૂઘનાથદાસ અયોધ્યા રેવાશી, રાખ્યો શરણે રામ;
લચ્છીરામને પરચો લોકોમા, રાજા કોપ્યો રતલામ,
સત્ત જુગ સમજ્યારે, કળજુગ તેને કેવા. ૩
દાસ હરીના આ દુનિયામાં, વરણે જે બ્રજલાલ;
ગ્રંથ થઈ જાય ગુણ ગાવતાં, આનંદ પ્રસાદ હાલ.
ભકત જુવો ભારીરે, લગણી પ્રભુ પદ લેવા, ૪

ચાતુર જોઈ ચડશોરે, રણુવ ભવ ભય રાખી;
પ્રાણી ન તો પડશોરે, નારદ જેવા દીધા નાંખી. ટેક.
પારાસર પણ પુરા પ્રખ્યાતી, ચઢતાં ચુકી ગયા ચિત્ત,
ઈંદ્ર ચુકી ગયા ચઢતાં એથી, અંગ ભંગ થયાં અમીત;
મગર નાંખ્યો મારીરે, સંત સુર ગ્રંથ શાખી. ૧
ચંદ્ર પણ જુવો ચઢતાં ચઢતાં, અહલ્યા વચમાં આય,
પગથીએ અથડાઈ પટકયો, મુવો સાગર માંય,
ઉગર્યો ન એતોરે, હેણાં કર્મ અભિલાખી. ૨
મનોહરી રાણી જેવી મનોહર, રાવણ લંકાનો રાજ;
ચઢતાં ચઢતાં તે પણ ચુકયો, જુલમ એવું જહાઝ,
ચડતાં કૈક ચુકયારે, જરૂખાં ઉપર ઝાંખી. ૩
માટે કરીને મારૂં કીધું માની, નજર ચુકશો નાંહ,
ધારશો બ્રજલાલ કીધું ન ધ્યાન તો, મરશો દરિયા માંહ,
ગ્નાતા ગુરૂ તારેરે, ચરણાંમૃત તું લે ચાખી. ૪

સંવત અઢાર સંબંધેરે; તેરાષ છે ભક્ત તેવા,
આ સાંભળો આનંદેરે, આજ પણ ભજની હેવા   ટેક.
ધીરો ભગત ગુર્જર ધરાંપર, વાણી જેની વિખ્યાત;
પરમાનંદી ભજનમાં પુરો, વરણું શું તેની વાત,
જહાં તહાં જુવુંરે, સૌ તે વાણીની સેવા.   ૧
જસવંતરાવ નાસીકમાં જુવો, લાયક કહે સૌ લોક;
યુરોપી ખજાનેથી પુન્યમાં આપ્યા, રૂપીયા પાંચસો રોક.
તપાસતાં તે તોરે, તુરત ઘડી થયા તેવા.   ૨
શ્રી રંગજીના મંદિરમાં, સેવક દયાલ દ્રાવડ દેશ;
યુરોપીને ત્યાં પરચો આપ્યો છે, હરિજન હેત હમેશ,
ક્લેશ હરે કેવોરે, દીનબંધુ સાચા દેવ.   ૩
જો હું ગણાવું હરિજન તો, પામું ન તેનો પાર;
બ્રજલાલ આજ એ મલે છે વાલો, નજર તણી જાણનાર,
એથી નાં અછાનુંરે, લગણીથી તે ભજી લેવા.   ૪

પદ.

ચતુંર જશો નાં ચુકીરે, પડયા તો દુઃખી થાશો પ્રાણી;
પગાથીએ પગ ચુકીરે, મેઢી ચઢો ભય માની.   ટેક.
ઉપર અજવાળુ જોશો અનાંખું, લેશો આનંદની લ્હેર;
બીજું સુખ એનાથી કુન બિચારૂં, સૌના પર જેનું શહેર,
તેમાં સદન તેનુંરે, દર્શન કરો મોક્ષદાની   ચતુર૦ ૧
પ્રથમ હું પણ હતો પુરો પેચી, પુરાં પ્રપંચ એ પાપ;
પર નિંદા પર ઇરખામાં પુરો, મારાં કર્યાં અઘ માપ;

શરણાગતી સુંપીરે, ગુરૂ ગાતાચારી ગાની, ચતુર૦ ૨
સવાલાખ રામ નામ માળા સમર્યો, એકાદશી અપવાશ;
સાબરમતી ગંગશંકર સેવ્યા, તેવો પામ્યો તન ત્રાસ;
બાર વરસે બજરંગરે, મુજ કરી મેહેરબાની. ચતુર૦ ૩
હવે તો હરકત ગઈ હૈયાની, હીંમત ધારી હામ,
કાજ હરકોઈ કરતાં કરતાં, રાત દન મુખ રામ;
દાસનો થયો દાસરે, બ્રજલાલ સાચી વાણી ચતુર૦ ૪

દુઃખથી નહિ ડરવુંરે, ભાવથી ભગવંત ભજવું;
મનવા થાય મરવુંરે, તોય નામ નહિ તજવું. ટેક.
સત્યવાદી હરિશ્ચંદ્ર સરીખો, નીચ ઘર ભર્યું નીર;
રાણી જેની રૂપાકૃતિ, સૂતનું ખોયું શરીર,
ટેક તોય ના તજ્યોરે, ભાવે ભાઈઓ ઇમ ભજવું. દુઃખ૦ ૧
મશાણ ઉપર ચોકી મુકેલો, ભંગી જાણે ન ભુપાળ;
પોતાના પુત્રની નનામી પારખી, તો ના કીધી તત્કાળ;
હૈયે ધાર્યું હેવું, તોય સત્ય નથી તજવું. દુઃખ૦ ૨
દેશો હક્ક ત્યારે બાળવા દેશું, એ વના રાખશો ન આશ;
નરને કરી લ્યો જે નોકર, ખરો હુકમ તેનો ખાસ,
લાશ ઝાલી લીધીરે, ગીરાથી તેને તેવું ગજવું. દુઃખ૦ ૩
બ્રજલાલ હેવી કઠણ વખતમાં, તજી ન જેને ટેક;
દયાળુ ચતુર્ભુજ દર્શન દીધું, નોકરી જોઇ નેક;
નાથ હેવા નાંમીરે, શરણાગતિ પદ સજવું. દુઃખ ૪

સાચા મનથી સ્વામીરે, ઘણાંને મળ્યા ગીરધારી;
જુઓ અંતર જામીરે, કઠણુ સમે સુખકારી. ટેક.
પ્રથમ કુવામાં નાંખી પૂર્યો, ધર્યું તેનાપર ઢંક;
રામ નામ માંહી રહી રટે છે, સ્વામી ભરૂસે નીશંક;
કેવાં પાવડીયાં કર્યાંરે, બારણું કાડયો બલિહારી, સાચા૦ ૧
બીજી વખત હાથ પગ બાંધી, ગીરથી દીધો ગીરરાય;
તે જાણે ફુલનો દડો તંબુપર, અવનીપર પડયો આય.
સહાય કીધી સ્વામીરે, એ સમે લીધો ઉગારી. સાચા૦ ૧
ત્રીજી વખત હાથી આગે, તેને નાંખેથી સહાય નાથ;
હોલકા લેઇ ફેર બેઠી અગ્નિમાં, સહાય કરી સમરાથ,
હોરીની એધાણીરે, ફાગ રમે નરનારી. સાચા૦ ૩
પાંચમી વખત ખંભ ધખાયો પુરો, બાલ તું ભરાય બાથ,
મારીશ નતો બતાય રામ મુને, તરવાર લીધી પછે હાથ,
નાથ નરસંગ રૂપેરે, હરણાકસ લીધો મારી;
સાચાં મનથી સ્વામીરે, ઘણાંને મળ્યા ગિરધારી. સાચા૦ ૪

સાચા મનથી સ્વામીરે, ઘણાંને મળ્યા ગીરધારી;
જુવો અંતરજામીરે, કઠણુ સમે સુખકારી. (ટેક)
પાસા રમતાં હાર્યા જ્યારે પાંન્ડવ, વચન ગયા બંધાય;
સત્ય પુરૂષોથી ભરી સભામાં, બીજું કેમ બોલાય;
કુંતી સુત કેવારે, હીંમત તે બેઠા હારી. સાચા૦ ૧
દુષ્ટ દુસાસન ઉઠયો દુઃખ દેવા, પાલવ પકડયો પાન;
જોઇ જોઇ સહુ બોલે જુલમ આ, કૃપા કૃપા નિધ્યાન;

કરો સુખકારીરે, અરદપ્રભુ વિચારી સાચા૦ ૨
તે સમે દ્રૌપદીને તાણતાં તાણતાં, પાપી બોલ્યો છે પ્રવિર;
આગલ થાનતો આજ આપણી લાજ ન રહે લગીર;
ચીર તાણી થાકયોરે, હરામી હૈયે બેઠા હારી. સાચા૦ ૩
સતીનું સમરણ સાચું સાંભલી, બેલી થયા બલબીર;
ખેંચતાં ખેંચતાં બલ ખેંચાનું, થાકે રહ્યા દુષ્ટ થીર;
ચીર બ્રજલાલ પુર્યાંરે, નારીનાં આતો જાણે સારી સાચા૦ ૪

સાચા મનથી સ્વામીરે, ઘણાંને મલ્યા ગીરધારી;
જુવો અંતરજામીરે, કઠણ સમે સુખકારી. (ટેક)
સગાલશાહ વાણિયાને સંકટ પડ્યું અપરમપાર;
સત્ય લેવા સારૂ રૂપ સાધુથી, દયાલ દાસને દ્વાર;
યાચના કરી હેવીરે, માંસ પુત્ર દે તું મારી સાચા૦ ૧
દંપતિ જને વિચાર્યું દલમાં, જો ના કીજે તો સત્યે જાય;
કલ્લોલ કરતો આવ્યો ઠેલેયો, બાપે લીધો બોલાય;
હાથ શાહ હેરેરે, બાળ બોલ્યો વિચારી સાચા૦ ૨
બન્ને જણાં કેમ વ્યાકુળ બેઠાં, કર્યો કોઇથી કલેશ;
જોઈ તેના સાચું જનક જનની, વિપત્ત થયું વિશેષ;
પુત્ર મારવો પડશેરે, અતિથી કીધું ઉચારી. સાચા૦ ૩
પુત્ર કહે સત્ય તમારૂં પાળો, મારો ભલે આપો માંસ;
ખાંડનીએ પોતાની માતાએ ખાંડયો, તેવો બ્રજલાલ જોઈ ત્રાસ;
પ્રભુ પ્રકાશીરે આત્મજ લીધો ઉગારી. સાચા૦ ૪

પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું;
અંગ વેચી આપીરે, ફેરવે ત્યાં ફરવાનું. (ટેક)
ચઢી દોર નટ કરે ચલાખી, ચુકે તો ચકના ચુર;
પેટને કારણ કેએક પ્રાણી, આવા ચઢે છે ખજુર;
ફુર નથી કેનોરે, માની લ્યો એ મરવાનું. પેટ૦ ૧
પેટને કારણ રાજા પતશાહી, પ્રજા ઉપર પરપંચ;
પેટને કારણ શેઠીયા પુંજી, સૌ કોઈ રાખે સંચ;
પંચ માંહી પુછોરે, ભવન ધન ભરવાનું. પેટ૦ ૨
પેટને કારણ જોઇ લ્યો પુરૂષો, વનીતાનો સજી વેષ;
નાટકમાં નખરા કરી નાચે, પેટથી જાય પરદેશ;
પેટ માથે પથરારે, શુલથર થરવાનું. પેટ૦ ૩
ભૂખને કારણ ઘરઘર ભટકી, કગર કગર કંગાલ;
પેટનું તોય નથી થાતું પુરૂં, વાણી સાચી બ્રજલાલ;
બાળનારો પ્રભુરે ધ્યાન તેનું ધરવાનું. પેટ૦ ૪

પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું;
અંગ વેચી આપીરે, ફેરવે ત્યાં ફરવાનું. (ટેક)
પેટને કારણ જુવો પાછા, પ્રાણી લે પ્રાણીના પ્રાણ;
પેટને કારણ આપુ હું વિમાં, ઘણાં થાય ઘમશાન;
પરસપર પુરાંરે, હણું તેને હરવાનું. પેટ૦ ૧
પેટને કારણ પુત્ર પિતામાં, બંધવ બંધવ વેર;
પેટને કારણ ત્રીયા પતીનો, જીવ લેછે દઈ ઝેર;
ફેર જે ફરજેતાર, એતો નાં ઉચરવાનું પેટ૦ ૨

પેટને કારણ ચરાચર પ્રાણી, તે પરસ્પર ત્રાસ;
પેટને કારણ જુવો બંદર પાકું, વાદીગરને પાસ;
નગ્ન નગ્ન નાચેરે, ઉભું થઈ ઉછરવાનું. પેટ૦ ૩
પેટને કારણ સાગર ઉપર, જીવ ચલાવે જહાજ;
પેટને કારણ ગણે નહિ પ્રાણી, લેનાર હોય કોઈ લાજ;
કાજવેલા કેવુંરે, રંકને રઝરવાનું. પેટ૦ ૪
પેટને કારણ કુવાગાં પેસે, જુદા પેટ જંજાલ;
પેટનું તોય થાતું નથી પુરૂં, જાણી સાચી પ્રજલાલ;
પાલનારો પ્રભુરે, ધ્યાન તેનું ધરવાનું. પેટ૦ ૫

પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું;
અંગ વેચી આપીરે, ફેરવે ત્યાં ફરવાનું. (ટેક)
પેટને કારણ નંખા પારકી, પેટ લીધે પંચાત;
પેટને કારણ ચોરપુરીમાં, રખડે બાધી રાત;
પ્રાત પકડાનારે, જેલખાનું જરવાનું. પેટ૦ ૧
પેટને કારણ પંડિત પોથી, વાંચતાં છલ વિવેક;
પેટને કારણ કવિયો પુરા, ભૂપ વખાણે અનેક;
ટેક ભજન તજીરે, હરિ નામ ઉચરવાનું. પેટ૦ ૨
પેટને કારણ પોપટ પંજર, બોલે શીખાયા બોલ;
પેટને કારણ વાણિયા પુરૂં, તે પણ નાપે તોલ;
ઢોલ વગાડી કુંજેરે, ફેરા નાચી ફરવાનું. પેટ૦ ૩
પેટને કારણ ખેડુ ખેતીપર, રખડે દિવસ રાત

પેટને કારણ આ કુદુવિમાં, બ્રજલાલ જુવો વિખ્યાત;
આત પેટ વાલીરે, ભરી ખાલી ભરવાનું. પેટ૦ ૪

પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું,
અંગ વેચી આપીરે, ફેરવે ત્યાં ફરવાનું. (ટેક)
પેટને કારણ જોગીયો પુરા, ભારે લગાડે ભભુત;
અંતરજામીને નથી ઓલખતા, માયા ધુને મજબુત;
પંચભુત પાલેરે, ભાથું એક ભરવાનું. પેટ૦ ૧
પેટને કારણ ગાયો ભેંસોપર, મુરગ મારે છે માર;
પેટને કારણ ઉંટના ઉપર, ભરે છે અતુલ ભાર;
ભુખથકી ભાગેરે, ચાલે જ્યાં ચરવાનું. પેટ૦ ૨
પેટને કારણ જુગારી જુવો પણ, ખોટા વતાવે છે ખેલ;
પેટને કારણ ઘાંચી ઘાંણીપર તલઆદિ કાઢે તેલ;
બેલ આંખ્યો બાંધેરે, ધુંસરૂં કાંધે ધરવાનું. પેટ૦ ૩
પેટને કારણ ધેન ઉપાડે, પેટ આપ્યું એજ પાપ;
પેટને કારણ આ પુદુવિમાં, સૌનાં મન સંતાપ;
બ્રજલાલ વાંણીરે, જ્ઞાનથી ઉગરવાનું. પેટ૦ ૪

પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું;
અંગ વેચી આપીરે, ફેરવે ત્યાં ફરવાનું. (ટેક)
પેટને કારણ વાઘ જેવા પશુ, પાંજરે કૂટ્યું પેટ;
પેટને કારણ પેટ વતાવે, ખેલમાં એમ આખેટ;
જુધ પડે ભમીરે, અન્નશું ઉચરવાનું. પેટ૦ ૧

પેટને કારણ બહુરૂપી પણ, દેખાડે સૌને દાંત,
નરનો વેષ મુકીને નારીનો, ભુંડા કરે એ ભાંત;
કેવી મુછો કાપીરે, કાંમ સ્વાંગ કરવાનું. પેટ૦ ૨
પેટથી ભરે છે કુંભાર પાંણી, પર ઘર દુઃખ પાંમાય;
પેટને કારણ રૂપાકૃતિ પણ, ધંધા જુલમ થાય;
પેટ જુવેં પાપીરે, કુંભીપાક પરવાનું. પેટ૦ ૩
પેટથી ઉપાડે મેંનાં પાલખી, શ્વાસપર લઈ શ્વાસ;
પેટથી વ્રજલાલ તે વાંસે પુરા, દોડનારા દુખી દાસ;
ખમા ખમા ખાતાંરે, હૈયું ઉભરવાનું. પેટ૦ ૪

પેટ જુઓ પાપીરે, કરાવે નહી કરવાનું;
અંગ વેચી આપીરે ફેરવે ત્યાં ફરવાનું. ટેક.
પેટથી ન થયા કદી પેઢીમાં, વરવા કરે એવા વેષ;
પેટથી ભ્રષ્ટ થાય છે પાકા, લાજ જેને નથી લેશ,
દ્વેષ કરી ઘણેરે, મારે કે તો મરવાનું. પેટ૦ ૧
પેટથી જુઓને પારકાં પ્રાણી, પગ ચાંપ્યાપર પ્રેમ;
પેટથી નીચનું ઉંચા પ્રાણીયો, કૈ ખુટાવે એમ,
હાથ જોડી ઉભારે, બોલે હેવું બરવાનું; પેટ૦ ૨
પેટને કારણ પ્રાણી પ્રાણીયા, નગળાનો કરે છે નાશ,
પેટને કારણ સગલા તે પણ, અગલાના થાય દાસ,
મુંદત ના મળેરે, ચાકરી વીચરવાનું. પેટ૦ ૩
પેટને કારણ ઈરષા પાકી, પરસ્પર સહુ પ્રાણ,

બ્રજલાલ પેટનું આક્રમ પુરૂ, સમજી સંત સુજાણ,
કેવું ભજન કરેરે, તીર ભવ તરવાનું. પે૦ ૪

પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું,
અંગ વેચી આપીરે, ફેરવે ત્યાં ફરવાનું. ટેક.
પેટને કારણ પ્રાણ ગયા પછે, પ્રાણીયો પાડે છે પોક,
પેટને કારણ કુટંબી પાછાં, લોકાચાર બીજું લોક,
સારૂં ખોટું સર્વેરે, આચરન ઉચરવાનું. પે૦ ૧
પેટને કારણ સાચા પ્રાણીને, જુઠા કહી જવાય,
પેટને કારણ જુઠાને પણ, સાચા કર સંભળાય,
વકીલ યાદિ વાતોરે, દલમાં ડરવાનું. પે૦ ૨
ભૂમીપતિ અને પ્રજાતણા પણ, ગજા મુજબ ગણાય,
કોઠાર ભરે છે અન્નથી કેવા, ભુંડું પેટ ન ભરાય,
ભરોસા જે ભાઈરે, માલ ખાલી પરવાનું. પે૦ ૩
બ્રજલાલ હૈયે હેતું વિચારી, પુરા સંત રાખે ના પેટ,
સંતોષ રાખી સદા સુખ સેવી, ભુદરની કરે ભેટ,
વેઠ મુકે વરવીરે, એથી ઉધરવાનું,
પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું. પે૦ ૪

પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું,
અંગ વેચી આપીરે, ફેરવે ત્યાં ફરવાનું. ટેક.
પેટને કારણ જુવો પ્રાણીયો, હૈયામાં ધારીને હામ,
ભટકવાં નહિ પેટ ભરાતાં, દીકરીના લે દામ,

કામ જુવો કેવાંરે, પાછા નર્ક પડવાનું. પેટ૦ ૧
પેટને કારણ પ્રેમદા પુરૂષ, પ્રભુને કરે પોકાર,
પેટ માંડયું પણ પુત્ર ન પામ્યાં, પેટથી પાપ અપાર,
કેક પ્રાણી કરેરે, માંને નથી મરવાનું. પેટ૦ ૨
પેટની મતલબ પ્રાણીને પુરી, રાજા થાય તો રાંક,
પેટની મતલબ વનાનાં પ્રાણી, કેતો મતલબ કાંક,
હોય ત્યારે હેતેરે, વચન ઉચરવાનું. પેટ૦ ૩
પેટનું દરદ મટાડનાર પ્રાણી, ગુરૂ તે વૈદ ગણાય,
બ્રજલાલ ગ્રાતાચારી ગરૂબલ, ચોજ ઓખદ ઉપાય,
જાય રોગ જુવોરે, ફેર ભવ નાં ફરવાનું. પેટ૦ ૪

પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું,
અંગ વેચી આપીરે, ફેરવે ત્યાં ફરવાનું. ટેક.
પેટ પ્રાણીનાં સરખાં છે પણ, નેંના મોટા તે નિકેત,
શ્રીમંત રાજા સંપનું સુખ, રાંક ઉઠાવે રેત,
પેટનું થાય ન પુરૂંરે, દાનગીથી દરવાનું. પેટ૦ ૧
કીડીના પેટમાં કણનું કારણ, મણ માતંગ મનાય,
ગરીબને તો થોડાથી ગુજારો, રાખે ઘણા ભય રાય,
હાય હાય હૈયેરે, જ્યાંનું પેટ ભરવાનું. પેટ૦ ૨
પેટ પ્રમાણે પ્રાણીને પાકો, અનાજનો છે ઉચાટ,
પોતાના પેટનું થાય ના પુરૂં, ભેટે બ્રાહ્મણ ભાટ,
ભાટ શેને રેઢ઼ ઘડનોરે, રાજાને એ ઉચરવાનું. પેટ૦ ૩

પેટનું દરદ કાપવું હોય પ્રાણી, ગુરૂ તે વૈદ ગણાય,
બ્રજલાલ હૈયે હેવું વિચારો, એજ ઓખદ ઉપાય,
જાય રોગ જુવોરે, ફેર ભવનાં ફરવાનું,
પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરવાનું. પેટ૦ ૪

પેટ જુવો પાપીરે, કરાવે નહિ કરાવાનું,
અંગ વેચી આપીરે, ફેરવે ત્યાં ફરવાનું. ટેક.
પેટને કારણ પ્રજામાંથી પુત્રો, સાંણા લઇ છીપીપાળ,
ઘાંચી મોચી સઇ શું હું ગણાવું, કોમ કુંભાર કંગાળ,
ચાય હેવા ચોરીરે, કુંવર પદ કરવાનું. પેટ૦ ૧
પેટને કારણ એ પુરૂષોનું, કદી ન થાય કલ્યાણ,
ઉંમર થાય સાંમુ બાઝવા આવે, નાંણાનું કરે નુકશાન,
બાલ હેવા બગડેરે, પખાંમાં ઉપરવાનું. પેટ૦ ૨
પેટને કારણ ઉંચ પ્રાણીયો, શુદ્રને કરે સલામ,
પેટને કારણ કલંકી પૂરો, લાજ તે કરે લીલામ,
વિખનું બીજ વાવેરે, એ મુગ નાં ઉખડવાનું. પેટ૦ ૩
પેટને કારણ પારકા પાયક, જગમાં કેક જણાય,
દરદ પેટનું ગુરૂ વૈદથી દબાશે, એ ત્રાતા ગુરૂનો ઉપાય,
બ્રજલાલ બિચાર્યોરે, ટેક થકી તરવાનું. પેટ૦ ૪

રૂખિરાજના પદનો રાગ.

જાતી રેશે કાલ જુવાનીરે, શાકે છે શાથી—એ રાગ.

ફરવા ચોરાશી ફેરારે, જાણજે જંજાળી,
ફરનારા કષ્ટ કેરારે, જાણજે જંજાળી. ટેક.

દીકરા દીકરી દોલત અને દારા, તેમાં અંતે કોઇ ન તારારે. જા. ૧
જમ લેવા આવે છે જીવ જ્યારે, તારી કાયા નથી તારેરે. જા. ૨
દુઃખ સહુ તે વખત તને દેશે, રોઇને છાના રહેશેરે. જા. ૩
કાઢો કાઢો કહી નનામી કાઢી; બગડયાં ચાર શ્રીફળ બાંધીરે. જા. ૪
ચારજણે ઉપાડી ત્યારે ચાલી, ખોખરી દુની સાથે ખાલીરે. જા. ૫
મશ્યાન ચિત્તામાંહી તુને મુકી, ફરી આગ દેશે ફુંકીરે. જા. ૬
જે ચરાચરનો અંત્રજામી, સમરો બ્રજલાલનો સ્વામીરે. જા. ૭

જાણવાનું તે ના જાણ્યુંરે, જાણજે જંજાળી,
મીથ્યા તે સાચું માન્યુંરે, જાણજે જંજાળી. ટેક.
કુંભ કાચા જેવીછે કાચી કાયા, ભાગે તેમાં શું ભરમાયારે. જા. ૧
સમજી લે તું સારંગ જેવી કાયા, વળી મંદ થઇ વેરાયારે. જા. ૨
પરીવારા આદિક તારી પુંજી, મિથ્યા સમજી લે તું સુંજીરે. જા. ૩
જોને લ્યા સહુ મળીને હેત જણાવે, અંતે એતો સંગ નઆવેરે. જા. ૪
ખેલ બાજીગરનો જેવો ખોટો, જેમ પાણીનો પરપોટોરે. જા. ૫
હૈયે સમજી લે જુઠું સહુ હેવું, ઝાંઝવાના જલ જેવુંરે. જા. ૬
જે ચરાચરનો અંતરજામી, સમરો બ્રજલાલનો સ્વામીરે. જા. ૭

દેહ દુરલભ દેવ ન દેવીરે, જાણજે જંજાલી,
આ દેહ પામ્યો તું હેવીરે, જાણજે જજાળી. ટેક.
અવસર મલવાનો નથી ફેર હાચો, લેઇલે તું મનખા લ્હાવોરે. જા. ૧
જોને લ્યા ધ્રુવ પ્રેલાદ હરિચંદ્ર જેવા, હૈયે સમજી તર્યા હેવારે. જા. ૨
જોને લ્યા ફેર રાજાજન કહેવું જાણી, પામ્યાછે સારંગ પ્રાણીરે. જા. ૩
કહે બ્રજલાલ સવરી જાત કેવી, તરી ગઇ ભવથી તેવીરે. જા. ૪

દેહ દુર્લભ દેવ ન દેવીરે, જાણુજે જંજાળી;
આ દેહ પામ્યો તું હેવીરે, જાણુજે જંજાળી. (ટેક)
મનુષદેહ આ ઉત્તમ માંની, ગરૂજ્ઞાન લઈ થા ગ્યાનીરે; જા.૧
ઘણા સમજ્યા લેવા એ ગણાવું, પાર તેનો તો નહિ પાવુંરે; જા.૨
તેથી સમજીને એરે પ્રાણી તેવું, લોકમાંહી એ ફલ લેવુંરે; જા.૩
ગુરૂ ત્રાતાચારી તર્યા છે ગ્યાની, બ્રજલાલ તેની આ વાણીરે; જા.૪

સીદ મોહનીંદ્રામાં સુવરે, જાણુજે જંજાળી;
જીવ જાવું તે નહિ જુવેરે, જાણજે જંજાળી. (ટેક)
તુંતો ગણે છે જોને દન તારા, ગરદન જમ ગણુનારારે, જા.૧
પછી અવધીના દન થાશે પુરા, છલવા આવશે જમ શુરારે; જા.૨
કેવા ચપરાસી આવે સરકારી, તે વખત થાશો ત્યારીરે; જા.૩
કોરટમાંહી જવાબ દેશો કેવો, તેને બ્રજલાલ દેશો તેવોરે જા.૪

સીદ મોહનીંદ્રામાં સુવેરે, જાણુજે જંજાળી;
જીવ જાઉં તે નહિ જુવેરે, જાણુજે જંજાળી. ટેક.
જોને લ્યા સાચું જુઠું, સર્વે એતો જાણું; ખોટાને નર્કને ખાનેરે,૧
ત્યારે હોય સગું નથી તારૂં, માની લેજે કીધું મારૂંરે. જા.૨
આવજાવનું સુખ દુઃખ હેવું, જોબન નદીપુર જેવુંરે. જા.૩
ત્રાતાચારી ગુરૂનો બોધ તેવો, હૈયે બ્રજલાલને હેવોરે. જા.૪

એદ કરે છે ખાલીરે, જાણુજે જંજાળી;
ઘડી રાખો વિશ્વા વાલીરે, જાણુજે જંજાળી. ટેક.

ગજ્યો સોમણુ અનિલ દરિયા ઘાટે, મેરસંમણુ તેના માટેરે. જા.૧
અજગર આહાર તે પણ તેની આશા, ન કોઇ દન નિરાશારે. જા.૨
કણુ કીડી હાથીને મણ કીધું, દયાલે વખતે દીધુંરે જા.૩
જનમ અગાડી તુંને દુધ જોને, સ્વામી દેછે અનજલ સોનેરે જા.૪
ત્રાતા બોધ બ્રજલાલ પામ્યો તેવો, જાણી લ્યો સમજ્યા જેવોરે. જા.૫

જીવડા જંજાલી, જો અચરજ જોયા જેવુંરે;
જીવડા જંજાલી, તન બનાયું તેણે તેવુંરે; જીવડા જંજાલી ટેક.
જોને લ્યા આંખે જોયે, તારે તો જોવાશે;
શ્રવણાંથી સંભલાશેરે, જીવડા જંજાલી. ૧
બચન મુખથકીજ બોલાશે, સુગંધ નાક સુંઘાશેરે. જીવડા. ૨
ચરણાં વના હાથે નાં ચલાશે, હાથવિના નાં પગે હુવાશેરે. ૩
બ્રજલાલ સ્વામીનું કૃત્ય શું વખાણું, સમજાતું નથી છાનુંરે ૪

જીવડા જંજાલી જો અચરજ જોયા જેવુંરે;
જીવડા જંજાલી તન બનાયું તેને તેવુંરે જીવડા જંજાલી ટેક.
કપાલમાંહી લખેલા લેખ કેવા, જનમાંન્ત સુખદુઃખ જેવાંરે. જી.૧
રહે છે સૌને સરખું લોહી રાતું, માંય કોઇ દુબલું માતુંરે. જી.૨
ભાતભાત ભોજન જમો ભાવે, અનજલ જુદાં થઇ આવેરે જી.૩
બ્રજલાલ સ્વામીનું કૃતશું વખાણું, સમજા તેથી સમજાનુંરે. જી.૪

જીવડા જંજાળી, જો અચરજ જોયા જેવુંરે, જીવડા જંજાળી,
તન બનાયું તેણે તેવુંરે, જીવડા જંજાળી. ટેક.

કેવી મરદાંને સુખ મુએ કથી, નારીને મુએ નથીરે. જી૦ ૧
સુખ દુખ તે જઠરાગન સહવું, રાતદીન કયાં ત્યાં રહેવુંરે. જી૦ ૨
માસ નવે થાય પુરા મુદા, જીવ થાય છે બે જુદારે. જી૦ ૩
મુલ બ્રજલાલ પાંચ તત્વ થયું, ઘડયું ને તે કયાં ગયુંરે.
જીવડા જંજાળી. ૪

જીવડા જંજાળી, જો અચરજ જોયા જેવુંરે, જીવડા જંજાળી.
તન બનાવ્યું તેણે તેવુંરે, જીવડા જંજાળી. ટેક
જોને દયા એક બાપના પુત્ર સાત જણા,ગરીબ કોઇ સુખી ઘણારે જી.૧
તેન સ્વભાવ સરખા નથી તેના, અચંબા આવે એનારે. જી૦ ૨
જોને દયા ચરાચરમાં ઝીણી નજરે જોતાં,ગભરાઇ ખાવછે ગોતાંરે.જી૦
બ્રજલાલ સ્વામીનું કૃત્ય શું વખાણું,સમર્યા તેણે સમજાણુંરે.
જીવડા જંજાળી. ૪

જીવ તું જંજાળી, શું જોઇ જોઇ શરીર સુધારેરે જીવડા જંજાળી;
દરપણુમાં રાતને દહાડોરે, જીવ તું જંજાળી. ટેક
મદમચ્છર મચ્યો મકલાતો, મતંગ ચાલે જેમ માતોરે.જી.૧
છેલછોગાં મુકી શું જુવો છાયા, કુંભ કાચા જેવી કાયારે.જી૦
ખુબ મેવા માલ ખાતાં ખાતાં, મનગમતા કરશો માતારે. જી૦
બ્રજલાલ ચાય હેવો વપુ વિલાસે, અગ્નિમાં અંતે હોમારોરે.
જીવ તું જંજાળી. ૪

જીવ તું જંજાળી, શું જોઇ જોઇ શરીર સુધારેરે જીવ તું જંજાળી
દરપણુમાં રાતને દહાડોરે, જીવ તું જંજાળી.ટેક

માનોછો મારા જેવો કોઈ નથી મતવાળો, રૂપમાં હું છું રૂપાળોરે. જી૦
આછાં અંબર પહેરી ઉમંગે, અત્તર લગાવોછો અંગેરે. જી૦ ૨
કેવા કાનશીયા કેશ રંગે કાળો, વળી વાંકલી મુછોવાળોરે. જી૦
બ્રજલાલ ચાય એવા વપુ વિલાસે, અગ્નિમાં અંત હોમાશેરે.
જીવ તું જંજાળી. ૪

જીવ જો જંજાળી, પોતાનો કરી મુને પાળ્યોરે, જીવ જો જંજાળી
સમે સમે કાજ સંભાળ્યો, જીવ જો જંજાળી. ટેક
કાંય મારાથી થયું તો સારૂ કીધું, દયાથી કોઇને દુઃખ ન દીધુંરે. જી૦
નક્કી સમજ્યો હું નથી કરનારો, કરનારો નાથ હમારોરે. જી૦
ખોટું કરનારનું કર્યું નથી ખોટું, મન હેવું કર્યું જેને મોટુંરે. જી૦
કેવો બ્રજલાલ તેને કર્યો કેવો, સ્વામી હેવો તેને સેવોરે;
જીવ જો જંજાળી. ૪

જીવ જો જંજાળી પોતાનો કરી મુને પાળ્યોરે, જીવ જો જંજાળી.
સમે સમે કાજ સંભાળ્યોરે, જીવ જો જંજાળી. ટેક
જીવ માંહી પરાઈ ત્રીયા જાણી, મા બેન સરખી માનીરે. જી૦
ઠાકોર ગાતાં નંદ્યા જો લ્યા થાશે, ધારી લે પાપ ધોવાશેરે. જી૦
સમજ્યો ત્યાંથી શરણાગતી લ્યો સાધી, ગાંઠડી તે સુખરે બાંધીરે. જી
કેવો બ્રજલાલ તેને કીધો કેવો સ્વામી હેવો તે સેવોરે.
જીવ જો જંજાળી. ૪

જીવ જો જંજાળી, પોતાનો કરી મુને પાળ્યોરે, જીવ જો જંજાળી.
સમે સમે કાજ સંભાળ્યોરે, જીવ જો જંજાળી. ટેક

શાહા નવાબ અને કૈક રાજા, સભા મધ્ય સરસ સમાજરે જીવ૦
પુરે તેવી પ્રભામાં માન પામ્યો, જગતમાં સુજસ જામ્યોરે. જીવ૦
ભલ કોઈ વિચારી વાત ખોટી, માથે તેને આયફ્રત મોટીરે. જીવ૦
કેવો બ્રજલાલ તેને કીધો કેવો, સ્વામી હેવો તેને સેવોરે. ૪
જીવ જો જંજાળી.

જોને લ્યા જેની કાંઈ કરણી નથી કલાતીરે,
જોને લ્યા જેની શીવ બ્રહ્માથી ના સમજાતીરે, જોને લ્યા જેની. ટેક
મન વિચારો ચરાચરમાંહી, તે રહે એક રૂપ ત્યાંહીરે. જોને૦
જુવો ત્રીયા પેટમાં અને જીવજંતો, નાથ કરે ત્યાં જીવ નિચંતોરે.
શીરીતી રહેછે ત્યાં લ્યા છાનું, બારણું આવી કેમ રોવાનુંરે. જો૦
બ્રજલાલવાલો ત્યાં રહે રખવાલે, અન જળ ત્યાં ફુન આલેરે.
જોને લ્યા જેને. ૪

જોને લ્યા જેની કાંઇ કરણી નથી કલાતીરે, જોને લ્યા જેની;
શીવ બ્રહ્માથી ના સમજાતીરે, જોને લ્યા જેની. ટેક.
થીરથંભ વનાનું જો ઠર્યુંછે, કેવું ઉંચ આકાશ કર્યુંછેરે. જો૦
લીમ્મરપતિ તરની તારા તેમાં અનાંખા ભેદ પણ એમાંરે. જો૦
એકમાં તો તાપની અધિકાઈ, સમજો બીજામાં સીતલતાઈરે. જો૦
એક ઉગે તો બહુ અજવાળું ઉગે બીજો તોય અંધારૂરે. જો૦
છાનું બ્રજલાલ નથી સમજાતું, જોઇયે તો નથી જોવાતુંરે; ૨
જોને લ્યા જેની કાંઈ કરણી નથી કલાતીરે, જોને લ્યા જેની.

જાહેર ખબર.

આ પુસ્તક ગુર્જરભાષામાં બનાવ્યાનું કારણ હું દેશમાં કોલ્હાપુર સંસ્થાનના મહારાજા શાહુ છત્રપતિને ચ ગયો તે વખત મને શાહુપુરીમાં સ્ટેશન પાસે બંગાળામાં ઉ મળ્યો. તે સ્ટેશન કંપનીના મૅનેજર છત્રપતી સાહેબ તર વિનાયકરાવ જાતે પ્રભુ સર્વ વિદ્યામાં કુશળનો પરસ્પર ખાસ સમાગમ રહ્યો. તેઓએ એક વખત કહ્યું તમો વ્રજ ષામાં ગ્રંથ બનાવોછો તેથી હું ખુશી છું પણ મારી ઇ ભાષા ગુજરાતી ભાષામાં આ રેલગાડી વિષે જ્ઞાન થાય તેમ બનાવો તો દેશને ઉત્તેજન સારૂ થાય તેથી મેં દેહ વિષે બ- નાવેલ છે. તેનો અર્થ ઉંડો જ્ઞાની પુરૂષોએ સમજવાનો છે. જુવો (જાય છે જાય છે) તેમાં લક્ષનાર્થ વિચારો તો ચોરાશી લક્ષ યોનીરૂપી સ્ટેશન ઉતરતાં ઘાસ, પાણી, અન વિના કેક પ્રાણી કેક પ્રકારનું દુઃખ પામી દેવદુલભ મનુષાદેહ સ્ટેશન આવી ફુલાદીક ખરીદવાની વસ્તુઓ જે જોઇએ તે મળેછે માટે ખરીદો. મતલબ પ્રભુ ભજી લ્યો, નહીતો પાછાં દુખદાઇ સ્ટેશન આવશે.

શીવાય વ્રજભાષાના ગ્રંથ બોધ બાનાવળી, અન્યોક્તી ઉ- લ્હાસ, બજરંગ બત્રીસી, શીવાજીનો ઇતિહાસ, કૃષ્ણલીલા વિ- ગેરે પાંચ ગ્રંથ બાર માસની અંદર બહાર પડવાના છે અને કચ્છ ભુજ અભ્યાસ ચાલે છે તે ચમત્કાર ચંદ્રીકા, માનમં- જરી, અનેકાર્થ, પિંગળ, એ ચાર ગંથ દીવાળી ઉપર બહાર પડશે. જોઇએ તેમણે મંગાવવા.

લી૦

કવી વ્રજલાલ રણછોડજી.

ઠે. વીજાપુર, રાજ મહેલામાં પ્રાંત કડી.